અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ સાતમ

વર્ષ : ૧૫
અંક : ૧૮૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




### નાણાંમંત્રીએ લોકસભાની ચૂંટણી પહેલાં છેલ્લું વચગાળાનું બજેટ રજૂ કર્યું

# લોકસભાની ચૂંટણી પહેલાં કોઈ ખાસ રાહત વિનાનું કેન્દ્રીય બજેટ

## જીડીપી સામે રાજકોષીય ખાધને સુધારીને ૫.૮ ટકા કરાઈ : ૨૦૨૪-૨૫ માટે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના કુલ કદના ૫.૧ ટકા સુધી ઘટાડાયો

। નવી દિલ્હી, તા.૧ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભાની ચૂંટણી પહેલાના છેલ્લા વચગાળા બજેટમાં સામાન્ય લોકોને કોઈ ખાસ રાહત આપી નથી. નાણાંમંત્રીએ માત્ર એક કલાકમાં બજેટ રજૂ કરી દીધું હતું. તેમણે તેમના બજેટના ભાષણાં સરકારની સિધ્ધિઓ પર વધુ જોર આપતા કેટલાક ક્ષેત્રો માટે કેટલિક યોજનાઓની જાહેરાત કરી હતી. દેશના સામાન્ય કરદાતાઓને કોઈ રાહત આપી નથી અને ટેક્સ સ્લેબ અને ટેક્સ સિસ્ટમમાં કોઈ ફેરફાર કર્યો નથી. આનો અર્થ એ છે કે તમે જે દરે ટેક્સ ચૂકવો છો તે જ દરે તમારે આવકવેરો ચૂકવવો પડશે.

નાણામંત્રીએ કહ્યું કે જીડીપી સામે દેશની રાજકોષીય ખાધને સુધારીને ૫.૮ ટકા કરવામાં આવી છે. ટેક્સ રિસિપ્ટ બજેટમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. અમે રાજકોષીય એકત્રીકરણના લક્ષ્યને સુધારી રહ્યા છીએ. ૨૪-૨૫ માટે દેશની રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના કુલ કદના ૫.૧ ટકા સુધી ઘટાડવામાં આવી રહ્યો છે. નાણામંત્રીના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે વિકાસ કાર્યક્રમોમાં રેકોર્ડ સમયમાં બધા માટે આવાસ, દરેક ઘર માટે પાણી, બધા માટે વીજળી, બધા માટે રાંધણગેસ અને બધા માટે બેંક ખાતાનો લાભ આપવામાં આવ્યો છે. નાણાકીય સેવાઓ દ્વારા દરેક ઘર અને વ્યક્તિને આર્થિક રીતે સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારની સિદ્ધિઓ ગણાવતા નાણામંત્રીએ કહ્યું કે આ બજેટ ભવિષ્યમાં વિકસિત ભારતનો રોડમેપ બનાવવામાં પણ મદદરૂપ થશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ૧૦ વર્ષમાં એરપોર્ટની સંખ્યા બમણી કરવામાં આવી છે અને દેશમાં ૧૦૦૦ થી વધુ નવા એરક્રાફટનો ઓર્ડર આપવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૧૧લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને તેના ખર્ચમાં ૧૧ ટકાનો વધારો કરવામાં આવી રહ્યો છે. રેલવે માટે જાહેરાત કરતી વખતે નાણામંત્રીએ કહ્યું



કે વંદે ભારતમાં ૪૦ હજાર બોગીને અપગ્રેડ કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે દેશમાં મહિલાઓ માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે જે તેમના આર્થિક અને સામાજિક વિકાસ તરફ દોરી રહી છે. લખપતિ દીદી યોજના હેઠળ દેશમાં ૧ કરોડ લખપતિ દીદીઓ બની છે. તેનો લક્ષ્યાંછક ૨ કરોડથી વધારીને ૩ કરોડ કરવામાં આવ્યો છે અને ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ૯ થી ૧૪ વર્ષની વયની છોકરીઓને સર્વાઈકલ કેન્સરની રસી આપવામાં આવશે જેથી આ કેન્સરને અટકાવી શકાય. પીએમ આવાસ હેઠળ ૭૦ ટકા ઘર મહિલાઓને આપવામાં આવ્યા છે. પીએમ સંપદા યોજનાથી ૩૮ લાખ ખેડૂતોને ફાયદો થયો છે. ૯ થી ૧૪ વર્ષની છોકરીઓને સર્વાઈકલ કેન્સરની રસી આપવામાં આવશે. આયુષ્માન ભારતનો લાભ તમામ આશા વર્કર અને આંગણવાડી કાર્યકરોને આપવામાં આવશે. મધ્યમ વર્ગ માટે આવાસ યોજના શરૂ કરવામાં આવશે અને ૧ કરોડ સોલાર પેનલ પરિવારોને મફત વીજળી આપવાની સરકારની યોજના ગેમ ચેન્જર સાબિત થશે.

સરકાર એવી આર્થિક નીતિ અપનાવશે જે લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરશે અને સર્વસમાવેશક વિકાસ તરફ દોરી જશે. આર્થિક નીતિઓને અસરકારક રીતે લાગુ કરવા માટે રાજ્યો સાથે મળીને કામ કરશે. સરકારનો ૩ કરોડ મકાનો બનાવવાનો લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યો છે અને આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધુ મકાનો બનાવવાનું લક્ષ્ય છે. રૂફ ટોપ સોલાર સ્કીમ હેઠળ, લોકોને ૩૦૦ યુનિટ વીજળી મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે - નાણાં પ્રધાને બજેટ ભાષણ દરમિયાન જણાવ્યું હતું. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, સર્વાઈકલ કેન્સરને રોકવા માટે પ્રયાસો કરવામાં આવશે. આ માટે રસીકરણ કરશે. ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરવામાં આવશે. મિશન ઈન્દ્રધનુષમાં રસીકરણ વધારવામાં આવશે. નવી મેડિકલ કોલેજો ખોલવામાં આવશે. આ માટે કમિટી બનાવશે. ૯ થી ૧૪ વર્ષની કન્યાઓને વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવશે. નેનો ડીએપીનો ઉપયોગ પાક પર કરવામાં આવશે. ડેરી વિકાસ ક્ષેત્રે સારું કામ થશે. ડેરી ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે. ૧૩૬૧ મંડીઓને ઈનેમસાથે જોડવામાં આવશે. આગામી ૫ વર્ષમાં વિકાસની નવી વ્યાખ્યા બનાવીશું. આશા બહેનોને પણ આયુષ્માન યોજનાનો લાભ આપવામાં આવશે. તેલીબિયાં પર સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. દર મહિને ૩૦૦ યુનિટ વીજળી મફત આપવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, લખપતિ દીદીને પ્રમોટ કરવામાં આવશે. પગાર ૨ કરોડથી વધારીને ૩ કરોડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૯ કરોડ મહિલાઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે. સ્વનિર્ભરતા લખપતિ દીદીમાંથી આવી છે. આંગણવાડીના કાર્યક્રમો ઝડપી કરવામાં આવશે. અત્યાર સુધી એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે જન ધન ખાતામાં પૈસા જમા કરીને ૨.૭ લાખ કરોડ રૂપિયાની બચત થઈ છે અને સરકારનું આર્થિક સંચાલન એટલું ઉચ્ચ સ્તરનું છે કે તેણે દેશને નવી દિશા અને નવી આશા આપી છે. મોદી સરકારે એવી વ્યવસ્થા કરી છે કે દેશના તમામ રાજ્યો અને વર્ગો દેશની આર્થિક પ્રગતિનો સામૂહિક રીતે લાભ મેળવી શકે. નાણાકીય ક્ષેત્રને વધુ મજબૂત અને વધુ સરળતાથી કામ કરવા સક્ષમ બનાવવામાં આવી રહ્યું છે. દેશમાં મોંઘવારી સંબંધિત મુશ્કેલ પડકારો દૂર કરવામાં આવી રહ્યા છે અને ફુગાવાના આંકડા નીચે આવ્યા છે.

### નવા સંસદ ભવનમાં નાણાંમંત્રીએ પહેલું બજેટ રજૂ કર્યું

## નિર્મલા સીતારમણનું આ બજેટ સર્વસમાવેશક-નવીન છે : મોદી

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં ૨૦૨૪-૨૫નું વચગાળાનું બજેટ રજૂ કરી દીધું છે. દેશની નવી સંસદમાં નાણામંત્રીએ પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચગાળાના બજેટ વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા. વડાપ્રધાને કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણનું આ બજેટ સર્વસમાવેશક અને



નવીન છે. તેમજ આ બજેટ વિકસિત ભારતના ચારેય સ્તંભો યુવા, ગરીબ, મહિલાઓ અને ખેડૂતો તમામને સશક્ત બનાવશે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ બજેટ દેશના નિર્માણનું બજેટ છે અને ’હું નાણામંત્રી અને તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વડાપ્રધાન મોદીએ યુવાનોની વાત કરતા કહ્યું કે આ બજેટ યુવા ભારતની યુવા આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. આજના બજેટમાં દેશમાં સંશોધન અને ઈનોવેશનને મજબૂત કરવા ફંડ બનાવવા માટે ૧ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. બજેટમાં મૂડી ખર્ચમાં ૧૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનો ઐતિહાસિક વધારો પણ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. રૂફટોપ સોલાર અભિયાનમાં ૧ કરોડ પરિવારોને મફત વીજળી મળશે.

## ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિના મૂલ્યે સર્વાઇકલ કેન્સરની રસી અપાશે

### કેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમાવાયરસ અથવા એચપીવી રસી- સીઈઆરવીએવીએસીને લાગુ કરવા માટે તૈયાર

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કરી રહ્યા છે. આ બજેટમાં ખેડૂતો અને મહિલાઓ માટે મહત્ત્વની જાહેરાતો કરવામાં આવી રહી છે. બજેટ ભાષણમાં નાણામંત્રી નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકાર મિશન સર્વાઈકલ કેન્સર રસીકરણને પ્રોત્સાહન આપશે. ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિનામૂલ્યે રસી આપવામાં આવશે. સર્વાઈકલ કેન્સરની વધતી સંખ્યાને ઘટાડવા માટે, કેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમાવાયરસ અથવા એચપીવી રસી- સીઈઆરવીએવીએસીને લાગુ કરવા માટે તૈયાર છે. નિષ્ણાતોના મતે, સર્વાઈકલ કેન્સર ભારતમાં બીજા નંબરનું સૌથી સામાન્ય કેન્સર છે. દર વર્ષે દેશમાં ૧,૨૦,૦૦૦થી વધુ મહિલાઓ સર્વાઈકલ કેન્સરનો ભોગ બને છે. તેમાંથી વાર્ષિક અંદાજે ૭૭,૦૦૦ મહિલાઓ મૃત્યુ પામે છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારે સર્વાઈકલ કેન્સરની રસી એચપીવી ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી છે. કેન્દ્ર સરકાર ત્રણ વર્ષમાં ત્રણ તબક્કામાં કામ કરશે અને એવી અપેક્ષા છે કે અભિયાનનો બીજો તબક્કો આ વર્ષના ઉત્તરાર્ધમાં શરૂ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર પાસે પ્રથમ તબક્કા માટે જરૂરી રસીના ૬.૫થી ૭ કરોડ ડોઝનો સ્ટોક છે.

### કેન્દ્રીય નાણાંમંત્રીની વચગાળાના બજેટમાં જોહારાત

## પાકની લણણી પછીની પ્રવૃત્તિઓમાં જાહેર-ખાનગી રોકાણને વધુ પ્રોત્સાહન અપાશે

નાણામંત્રી નિર્મલા સીતારમણ છઠ્ઠી વખત બજેટ રજૂ કરી રહ્યા છે. સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કરતાં નાણામંત્રીએ જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રના વધુ વિકાસ માટે સરકાર પાકની લણણી પછીની પ્રવૃત્તિઓમાં જાહેર અને ખાનગી રોકાણને વધુ પ્રોત્સાહન આપશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ખેડૂતોને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે, સરકાર પાંચ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક ખોલશે. સરસવ અને મગફળીની ખેતીને વધુ પ્રોત્સાહન આપશે અને મત્સ્યઉદ્યોગ યોજનાને પ્રોત્સાહન આપવા માટે વધુ કામ કરવામાં આવશે. કૃષિ માટે આધુનિક સ્ટોરેજ અને સપ્લાય ચેઈન પર વધું ધ્યાન આપવામાં આવશે અને ડેરી ખેડૂતોની મદદ માટે નવી યોજના લાવશે. નેનો ડીએપીનો ઉપયોગ તમામ ક્ષેત્રોમાં વધારવામાં આવશે. સી ફૂડની નિકાસ બમણી કરવાનો લક્ષ્યાંક છે’

નિર્મલા સીતારમણે કહ્યું કે એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવી. હવે આ લક્ષ્ય એક કરોડથી વધારીને ત્રણ કરોડ. પાંચ વર્ષમાં બીજા બે કરોડ ઘર બનાવીશું. નવ કરોડ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપ સાથે જોડવામાં આવી. અમારી સરકારે જુદો મત્સ્ય વિભાગ પણ શરૂ કર્યો. તેના થકી રૂ. એક લાખ કરોડના નિકાસનું લક્ષ્ય. માછીમારી ઉદ્યોગમાં નવી ૫૫ લાખ રોજગાર ઊભું કરવાનું લક્ષ્ય. સરકારનું લક્ષ્ય ૩ કરોડ મકાનો બનાવવાનું પૂરું થઈ ગયું છે અને હવે આગામી ૫ વર્ષમાં વધુ ૨ કરોડ મકાન બનાવશે. રૂફ ટોપ સોલાર સ્કીમ હેઠળ લોકોને ૩૦૦ યુનિટ જેટલી વીજળી મફત આપવાની પણ યોજના છે.’






## ન્યુઝ બોક્ષ

### કચ્છમાં ફરી ૪.૧ની તીવ્રતાનો ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

। (એજન્સી) ભૂજ, તા.૧ ।

કચ્છમાં ફરી ધરતી ધ્રૂજી છે. આજે સવારે ૮.૦૬ કલાકે ૪.૧નો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપના આંચકાની અસર જિલ્લાના અનેક વિસ્તારોમાં અનુભવાઈ છે. ભૂકંપના આંચકાને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. કચ્છમાં અગાઉ ૨૮મી જાન્યુઆરીએ ૪.૭ અને ૬ જાન્યુઆરીએ ૪.૧નો આંચકો અનુભવાયા હતા. કચ્છમાં મેન ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય છે અને ધરતીની બે પ્લેટ ટકરાતી હોવાથી અહીં ઘણીવાર ભૂકંપ અનુભવાતા રહે છે. વર્ષ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ બાદ રાજ્યમાં ઘણીવાર આંચકા અનુભવાયા છે. ૨૦૨૨માં ૪થી વધુ તીવ્રતાનો માત્ર એક ભૂકંપ અને તે પણ સૌરાષ્ટ્રના તલાલા વિસ્તારમાં નોંધાયો હતો. ૨૦૨૩માં ગુજરાતમાં ૪.૦થી વધુ તીવ્રતાના ૪ ભૂકંપો આવ્યા છે, જે કચ્છના દુધઈમાં ૨, ખાવડા પંથકમાં ૧, ઉત્તર ગુજરાતના વાવ પાસે એક નોંધાયેલ છે. જ્યારે ૨૦૨૧માં ૪.૦ની તીવ્રતાના ૭ ભૂકંપો નોંધાયા હતા.

### શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખાની તપાસ કરવામાં આવી

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરા શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખા દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૨૦ માંથી ૧૪ શાળાઓનું બાંધકામ જર્જરિત હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. તેમજ શિક્ષણ સમિતિની તમામ શાળાના બાંધકામનો NDT ટેસ્ટ કરવામાં આવશે. વડોદરા શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખા દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૨૦ માંથી ૧૪ શાળાઓનું બાંધકામ જર્જરિત હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. તેમજ શિક્ષણ સમિતિની તમામ શાળાના બાંધકામનો દ્રઢ્ઢ ટેસ્ટ કરવામાં આવશે. આ અગાઉ વર્ષ ૨૦૨૨માં પણ શિક્ષણ સમિતિની ૬ શાળાને નોટિસ ફટકારવામાં આવી હતી.

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા ખાતે

# સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી

### રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ અધિકારી કર્મચારીઓએ પણ પુષ્પ અર્પણ કર્યા





। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં સ્થિત તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

સ્વ. શ્રી તૈયબજીનો જન્મ તા.૧લી ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરા ખાતે થયો હતો. અભ્યાસ વડોદરા લઈ લંડન જઈને બેરિસ્ટર બન્યા હતા અને સયાજીરાવ ગાયકવાડ સરકારમાં તેઓશ્રી ચીફ જસ્ટિસ બન્યા હતા. તેઓ ગાંધીજીના વફાદાર વ્યક્તિ હતા. તિલક સ્વરાજ્ય ફંડની ઉઘરાણી અંગે પણ સૌથી વધુ ફંડ ઉઘરાવી તેઓ પ્રથમ રહ્યા હતા.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભિખુસિંહજી પરમાર, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહીને શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

## કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું

# રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ એક પણ ઉમેદવાર ઉભો નહી કરે

। ગાંધીનગર, તા.૧ ।



ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યો ઓછા હોવાથી રાજ્યસભાની કોંગ્રેસ ચૂંટણી નહીં લડે. જી હા...કોંગી નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે સંખ્યાબળના અભાવે ચૂંટણી પ્રક્રિયાથી કોંગ્રેસ દૂર રહેશે. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં ૧૫૬ ની પ્રચંડ બહુમતી સાથે, ભાજપ આગામી મહિને યોજાનારી ચાર રાજ્યસભા બેઠકો માટેની આગામી ચૂંટણીમાં ચારે બેઠકો પર બિનહરીફ રીતે કબજો કરવા લગભગ તૈયાર છે. ગુજરાત વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનુ સંખ્યાબળ જોતાં ચારેય બેઠકો ભાજપને ફાળે જાય તેની પુરેપુરી શક્યતા છે. આ ચારેય બેઠકોની ચૂંટણી માટે ભાજપ કોણે સાંસદ તરીકે પસંદ કરશે તે અંગે અત્યારથી રાજકીય અટકળો શરૂ થઇ છે. ભાજપને ચાર બેઠક માટે ૧૪૮ મત જોઇએ, ૧૫૬ મત અકબંધ છે. રાજ્યની સભાની આ ચારેય બેઠકો માટે ચૂંટણી યોજાય તો એક સાંસદને જીતવા માટે ૩૭ મત જોઈએ. ચાર બેઠકો જીતવા માટે ભાજપને ૧૪૮ મતોની જરૂર છે. ભાજપ પાસે ૧૫૬ ધારાસભ્યોનું સંખ્યાબળ છે, તે જોતાં ચારેય બેઠકો ભાજપ સરળતાથી જીતી જશે. કોંગ્રેસને એક બેઠક માટે પણ ૨૨ મતો ખુટે છે. આ જોતાં કોંગ્રેસ તો ચૂંટણી મેદાને ઉમેદવાર પણ ઉભા નહી રાખે તેવી સ્થિતી સર્જાઇ છે. આમ, ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ જાહેર થાય તેવી પુરેપૂરી શક્યતા જોવાઈ રહી છે.

## ભાટિયાથી ઓખા-મઢી વચ્ચે માવઠાંનો કહેર

# ગુજરાત પર મોટી આફત! ભરશિયાળે દ્વારકામાં વરસાદ

। (એજન્સી) દ્વારકા, તા.૧ ।

ગુજરાતમાં ઠંડીની સીઝનમાં ત્રેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. સવારમાં ઠંડી પડી રહી છે, તો બપોરે ગરમી અને ક્યાંક ક્યાંક તો વરસાદી માહોલ પણ બની રહ્યો છે. આજે યાત્રાધામ દ્વારકામાં કમોસમી વરસાદ પડ્યો છે. જી હા... યાત્રાધામ દ્વારકામાં કમોસમી વરસાદ પડતા રોડ રસ્તાઓ ભીના થયા હતા. અચાનક જ વાતાવરણમાં ફેરફાર થતા દ્વારકાની બજારોમાં વરસાદી પાણી ફરી વળ્યું હતું. જેના કારણે ઠંડીનો ચમકારો વધ્યો હતો. ભાટિયા દ્વારકા હાઈ-વે વચ્ચે માવઠાની અસર જોવા મળી છે. હાઈ-વે પરના રસ્તાઓ માવઠાથી ભીના થયા હતા. ભાટિયાથી ઓખા-મઢી વચ્ચે માવઠાંની કહેર જોવા મળી રહી છે. કમોસમી વરસાદવા કારણે દેવભૂમિ દ્વારકામાં પાક નુકસાનીને લઈ ખેડૂતોમાં ચિતાનો માહોલ દેખાઈ રહ્યો છે. હાલ સમગ્ર વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. વાદળ છાયા વાતાવરણ વચ્ચે માવઠાની અસર જોવા મળી છે. આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ સૂકું રહેવાની આગાહી કરવામાં આવી છે, છતાં હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વાદળછાયું વાતાવરણ રહેશે તેમ પણ જણાવ્યુ છે.

# અમેરિકાથી માત્ર છ મહિનામાં જ પાછો આવી ગયો મહેસાણાનો યુવક

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમેરિકા જઈ ડોલર કમાવવાની લાલચે રોજેરોજ કેટલાય ગુજરાતીઓ લાખો રૂપિયા ખર્ચીને લીગલી કે પછી ઈલીગલી અમેરિકા જઈ રહ્યા છે, પરંતુ અમેરિકા પહોંચ્યા બાદ કમાણી કરવાને બદલે કેટલાય લોકોને માત્રને માત્ર હેરાનગતી ભોગવવાનો અને અપમાન સહન કરવાનો પણ વારો આવી રહ્યો છે. મહેસાણામાં રહેતો એક યુવક ઓગસ્ટ ૨૦૨૩માં કંઈક આવી જ ગણતરી સાથે અમેરિકા પહોંચ્યો હતો, પરંતુ તેને ખબર નહોતી કે ત્યાં તેને જીવતેજીવ નર્કનો અનુભવ કરવાનો આવશે. મહેસાણાના આ યુવકે એક એજન્ટને ૩૫ લાખ રૂપિયા આપીને અમેરિકાના વિઝિટર વિઝાનું સેટિંગ કરાવ્યું હતું, અને એજન્ટે તેને અમેરિકામાં નોકરીએ લગાડી દેવાનો પણ વાયદો કર્યો હતો. જોકે, અમેરિકા પહોંચ્યા બાદ આ યુવકને મહિને માંડ હજાર-બારસો ડોલરના પગારમાં કાળી મજૂરી કરવાના અને રોજેરોજ અપ માન સહન કરવાના દિવસો આવ્યા હતા. જેને ત્યાં આ યુવક નોકરી કરતો હતો તે માલિકનો ત્રાસ સહન ના થતાં આખરે તેણે હારી-થાકીને નોકરી છોડી દીધી હતી અને બીજે નોકરી શોધવા માટે તે અમેરિકામાં ઠેર-ઠરે ભટક્યો હતો પરંતુ ક્યાંય નોકરીનો મેળ ના પડતાં તેને ફુટપાથ પર રહેવાનો પણ વારો આવ્યો હતો. મહેસાણામાં સામાન્ય નોકરી કરતો બ્રિજેશ પટેલ ગમે તેમ કરીને વિદેશ જવા માગતો હતો. એકાદ વર્ષ પહેલા તેનો સંપર્ક મુંબઈના એક એજન્ટ સાથે થયો હતો અને તેણે બ્રિજેશને કાયદેસરના વિઝા અપાવી તેને અમેરિકા મોકલવાની ઓફર કરી હતી.

## વિશેષ ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત@૨૦૪૭ માટેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા સીમાચિહ્નરૂપ બની રહેશે

# ૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના આરંભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું ગૃહમાં સંબોધન





। (માહિતી) ગાંધીનગર ।

‘ગુજરાત’ એ ચાર અક્ષરનો બનેલો શબ્દ માત્ર નથી, લાખો-કરોડો લોકોના સપનાં સાકાર કરવાનું સ્થળ છે, અને આ બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘સૌનો સાથ સૌનો વિકાસ’ના મંત્ર સાથે આરંભેલી વિકાસયાત્રાનું પરિણામ છે, એમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું.

૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના આરંભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૃહમાં સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, બે દાયકા પહેલાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સ્વરૂપે વવાયેલું બીજ આજે વિશાળ વાઈબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે. ‘ગેટવે ટુ ધ ફ્યુચર’ થીમ સાથે અભૂતપૂર્વ સફળતા પૂર્વક યોજાયેલી ૧૦ મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત જી ૨૦૪૭ માટે રાજ્યના રોડમેપના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે સીમાચિહ્નરૂપ બની રહેશે.

રાજ્ય સરકારે હંમેશા મહિલા કેન્દ્રિત વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. નારીશક્તિ વંદન અધિનિયમના ઐતિહાસિક કાયદાથી મહિલા સશક્તિકરણને વધુ વેગ મળશે. રાજકીય ક્ષેત્રે મહિલાઓ વધુ મોટી જવાબદારી નિભાવવા સક્ષમ બનશે અને મહિલાઓ સ્ત્રી સશક્તિકરણ નીતિઓ ઘડવામાં યોગદાન આપી શકશે. રાજ્યપાલશ્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ભારતવાસીઓ માટે સમૃદ્ધિના દ્વાર ઉઘાડનાર કદમ ગણાવીને કહ્યું હતું કે, સંકલ્પ એ સફળતા માટેનું પ્રથમ પગથિયું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ‘પી.એમ. મિત્ર પાર્ક (મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ્સ રિજિયન એન્ડ એપરલ પાર્ક) વિશે બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દેશના સાત રાજ્યોમાં સ્થપાનારા આ પાર્ક પૈકી ગુજરાતમાં નવસારીના વાંસીબોરસીમાં ૧૧૪૧ એકરમાં પી.એમ.મિત્ર પાર્કના નિર્માણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. આ પાર્કમાં એક જ છત્ર હેઠળ સ્પિનિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ટેક્સટાઈલ્સ વેલ્યુ ચેઈન ઉભી થશે અને પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે.

દવાઓના ઉત્પાદનખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવા અને દવાઓના પરીક્ષણથી લઈને પ્રોડક્શન માટેની માળખાકીય સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય એ હેતુથી ગુજરાત સરકારે ભરૂચ જિલ્લાના જંબુસરમાં ૮૧૫.૪૪ હેક્ટર વિસ્તારમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે ભારત સરકાર પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મેળવી લીધી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં કૃષિ અને ઉદ્યોગનો વિકાસદર એક સાથે તાલ મિલાવી રહ્યો છે. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિને વેગ મળે એ હેતુથી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં વિશેષ સંશોધનો, શિક્ષણ અને વિસ્તરણ માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીની પણ સ્થાપના કરવામાં આવી છે એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતના સ્થાપના દિવસ; ૧લી મે, ૨૦૨૩ થી પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવાન બનાવીને ૨૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની તાલીમ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અત્યારે ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માનવીય સંવેદનાથી ધબકતી, આર્થિક પ્રગતિ અને માનવશક્તિના વિકાસને વરેલી રાજ્ય સરકાર સામાન્ય માનવીની સર્વાંગી સુખાકારી, પાયાની જરૂરિયાતોની પૂર્તિ અને રાજ્યની વિકાસયાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના ધ્યેય સાથે સતત કાર્યરત છે. ગુજરાતના સામાન્ય પ્રજાજનને રાજ્યના વિકાસની અનુભૂતિ થઈ રહી છે. સરકાર તેઓની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવું દાયિત્વ રાજ્ય સરકારે નિભાવ્યું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુ મજબૂત બનાવવાની આપણા સૌની જવાબદારી છે.

### વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધનમાં મુખ્ય બાબતો

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધીમાં ૧૫ હપ્તામાં કુલ રૂપિયા ૧૫,૪૦૭.૮૨ કરોડની રકમ ૬૪.૧૩ લાખ લાભાર્થી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે.
- ખેડૂતોને બાગાયતી પાકો માટે અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાના હેતુથી રાજ્યમાં અમદાવાદ, જામનગર અને ખેડામાં તથા નર્મદા, પંચમહાલ અને અરવલ્લીમાં નવા સેન્ટર ઓફ એક્સલન્સ નિર્માણ પામી રહ્યા છે.
- ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, ડીસા, દિયોદર અને કાંકરેજ તાલુકાઓના ગામોને બે નવી પાઈપલાઇન યોજનાઓની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી ૧૫,૦૦૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારને સિંચાઈનો લાભ થશે.
- સરદાર સરોવર નર્મદા યોજનાની વડોદરા, મિયાગામ, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજમથકોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ વીજ મથકોથી ૮૫.૪૬ મેગાવૉટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે.
- ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૨૮૩ યુનિટ હતો, જે વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૪૦૨.૪૯ યુનિટ થયો છે. કોઈપણ રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે.
- ગુજરાત ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવવા માટે સક્ષમ અને તૈયાર છે. તાજેતરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે પાવર સપ્લાય કરવા રાજ્ય સરકારે આર.ઈ. પ્રોજેક્ટસના વિકાસ માટે જમીન નીતિ-૨૦૨૩ જાહેર કરી છે અને વિકાસકર્તાઓને ફાળવણી માટે બે લાખ હેક્ટર જેટલી જમીન નિર્ધારિત કરી છે. પરિણામે લગભગ ૪૦ લાખ વાર્ષિક મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા હાંસલ થશે.
- વૈશ્વિક કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટીમાંથી થતી નિકાસ જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂપિયા ૩,૪૦૨ કરોડ હતી તે વર્ષ ૨૦૨૨-૨૩ માં વધીને રૂપિયા ૧૨,૩૨૫ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૧૯,૩૧૭.૧૯ કરોડ થઈ છે.
- મત્સ્યોધ્યોગ પ્રવૃત્તિ ને વેગ આપવા માટે રૂપિયા ૧૩૦૦ કરોડના ખર્ચે વેરાવળ, માઢવાડ અને સુત્રાપાડામાં મત્સ્ય બંદરો વિકસાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- જે જિલ્લામાં પેન્શનરોની સંખ્યા વધુ છે એવા જિલ્લાઓમાં પેન્શનરોને હાલાકી ન પડે તે માટે પેન્શન ચૂકવવાના કચેરી અલગ શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરત જિલ્લાઓમાં અલગ પેન્શન ચૂકવવાના કચેરી શરૂ કરવામાં આવી છે.
- વડોદરા, આણંદ, જામનગર, ભરૂચ અને વ્યારામાં કાર્યરત સરકારી ગ્રંથાલયોને ’સ્માર્ટ ગ્રંથાલય’ તરીકે વિકસાવવાની કામગીરી અને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના આધુનિકરણની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- રાજ્ય સરકારના ઘાસ સુધારણા કાર્યક્રમથી ઘાસ ઉત્પાદનમાં અકલ્પનીય સિદ્ધિ મળી છે. છેલ્લા દસ વર્ષમાં ઘાસના ઉત્પાદનમાં ૩.૫૩ ઘણી વૃદ્ધિ હાંસલ થઈ છે.

## બહામાસમાં આવક પર ટેક્સ ભરવો પડતો નથી

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કર્યું છે. કોઈપણ દેશની સરકાર માટે જનતા પાસેથી મેળવેલ આવકવેરો એ આવકનો મુખ્ય સ્ત્રોત છે. કર્મચારી હોય કે વેપારી, દરેકને આવકવેરો ભરવો જ પડે છે. પરંતુ કેટલાક દેશો એવા છે જ્યાં સરકાર દ્વારા કોઈ ટેક્સ વસૂલવામાં આવતો નથી. જાણીએ એ દેશો વિશે કે જે સંપૂર્ણ ટેક્સ ફ્રી છે. યુનાઈટેડ આરબ અમીરાત પણ ટેક્સ ફ્રી દેશ છે. અહીં કાચા તેલનો વેપાર થાય છે અને સમગ્ર અર્થવ્યવસ્થા તેના પર જ નિર્ભર છે. ત્યાં લોકોએ ટેક્સ ભરવો પડતો નથી. જ્યારે ટેક્સ ફ્રી દેશની વાત આવે છે, ત્યારે પ્રથમ નામ જે મનમાં આવે છે તે છે બહામાસ. પ્રવાસીઓ માટે સ્વર્ગ કહેવાતો આ દેશ પશ્ચિમી ગોળાર્ધમાં છે. આ દેશના લોકોએ તેમની આવક પર સરકારને કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. બ્રુનેઈમાં પણ તેલનો ભંડાર છે, અહીં રહેતા લોકોને કોઈપણ પ્રકારનો ટેક્સ ચૂકવવો પડતો નથી. આ સિવાય ઉત્તર અમેરિકા ખંડના કેરેબિયન ક્ષેત્રમાં આવતા કેમેન ટાપુઓમાં રહેતા લોકોને પણ તેમની આવક પર આવકવેરો ચૂકવવો પડતો નથી. યુએઈની જેમ, કુવૈતમાં પણ તેલ અને ગેસનો કુદરતી ભંડાર છે. આ દેશ બંને વસ્તુઓમાંથી સારી કમાણી પણ કરે છે અને અહીંના લોકોને તેનો લાભ મળે છે. આ જ કારણ છે કે આ દેશના લોકોને ઈક્મ ટેક્સ ભરવો પડતો નથી.

## બજેટમાં માલદીવ માટે ગત વર્ષ કરતા ૧૭૧ કરોડ ઓછા ફાળવાયા

નણામંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૪-૨૫નું વચગાળાનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટથી કેન્દ્ર સરકારે માલદીવને જોરદાર ઝટકો આપ્યો છે. ભારતે તેના પાડોશી દેશ માલદીવ માટે ગયા વર્ષની સરખામણીમાં બજેટમાં ઓછી રકમ ફાળવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે માલદીવ માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં ૭૭૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. જ્યારે આ બજેટમાં કુલ ૧૭૧ કરોડ ઓછા ફાળવ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણના જણાવ્યા અનુસાર, ૨૦૨૪-૨૫માં માલદીવ માટે ૬૦૦ કરોડ રૂપિયાના બજેટનો અંદાજ રાખવામાં આવ્યો છે. કોઈપણ દેશ માટે બજેટમાં ફાળવવામાં આવેલી રકમ તેની આયાત અને નિકાસ પર ખર્ચવામાં આવે છે. વ્યવસાયિક વ્યવહારો ઉપરાંત, આ રકમ અન્ય દેશો સાથે લશ્કરી ટેક્નોલોજીના આદાનપ્રદાન માટે પણ ખર્ચવામાં આવે છે. અગાઉ ભારતમાંથી માલદીવ જનારા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારે માલદીવ માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં સંસોધન કરીને રકમ વધારીને રૂ. ૭૭૧ કરોડ કરી હતી. જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૩માં રજૂ કરાયેલ મંજૂર રકમ ૪૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવી હતી.

## એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો કરાયો

૧ ફેબ્રુઆરીએ હજી તો લોકોના ખાતામાં પગાર પડ્યો છે, ત્યાં જ ૪૪૦ વોલ્ટનો ઝટકો લાગે તેવા સમાચાર સામે આવ્યા છે. ૧લી ફેબ્રુઆરીની વહેલી સવારે LPG ગ્રાહકોને આંચકો લાગશે. દેશના બજેટના દિવસે તેલ કંપનીઓએ ગેસ સિલિન્ડરનું બજેટ બગાડ્યું છે. શિયાળાની મોસમમાં માંગમાં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં અસરગ્રસ્ત કિંમતોને કારણે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, આ વધારો ૧૯ KG કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં કરવામાં આવ્યો છે. ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના નવા ભાવ આજથી લાગુ થશે. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો. દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો થયા બાદ તે ૧૭૬૯.૫૦ રૂપિયા પર પહોંચી ગયો છે. તો કોલકાતામાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૮૭.૦૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. મુંબઈમાં તે ૧૭૨૩.૫૦ રૂપિયા છે અને ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૯૩૭ રૂપિયા પર પહોંચી ગઈ છે. IOCLની વેબસાઈટ અનુસાર તેની કિંમતોમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

### પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

# દોષિઓની હવે ખેર નહીં, મોદી સરકાર લોકસભામાં લાવશે બિલ

### કેન્દ્ર સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા, ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે

| નવી દિલ્હી,તા.૧ |

કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે એક બિલ લાવી રહી છે. આ બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ બીલમઆ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓનો સમાવેશ કરવામાં આવશે. બિલ હેઠળ દંડ અને જેલની જોગવાઈ હશે. આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચના કરશે.



ટૂંકમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને અનિયમિતતાઓને સખત રીતે નિપટવા માટે, સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા અને ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે પબ્લિક એક્ઝામિનેશન્સ (અયોગ્ય અર્થ નિવારણ) બિલ, ૨૦૨૪ સોમવારે રજૂ કરવામાં આવી શકે છે પરંતુ તેના પર અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ બિલને તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ એવું પણ કહેવાય રહ્યું છે કે પ્રસ્તાવિત બિલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં આવશે નહીં, પરંતુ સંગઠિત અપરાધ, માફિયા અને તેમાં સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે. આ બિલમાં ઉચ્ચ સ્તરીય ટેકનિકલ સમિતિનો પણ પ્રસ્તાવ છે, જે કોમ્પ્યુટરાઈઝડ પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવા માટે ભલામણો આપશે. તાજેતરમાં રાજસ્થાન ચૂંટણી પ્રચાર દરમિયાન પેપર લીકનો મુદ્દો રાજકીય મુદ્દો બની ગયો હતો. આ કારણે અશોક ગેહલોત સરકારે રાજસ્થાન પબ્લિક એક્ઝામિનેશન એક્ટમાં સુધારો કરવો પડ્યો હતો.

બજેટ સત્રની શરૂઆતમાં સંસદની સંયુક્ત બેઠકને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સરકાર પરીક્ષાઓમાં ગેરરીતિને લઈને યુવાનોની ચિંતાઓથી વાકેફ છે. તેથી આવી સમસ્યાઓનો કડકાઈથી સામનો કરવા માટે નવો કાયદો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાનું પેપર લીક દેશવ્યાપી સમસ્યા તરીકે ઉભરી આવ્યું છે. તેથી કેન્દ્રીય કાયદાની જરૂરિયાત અનુભવાઈ છે. ગુજરાત જેવા કેટલાક રાજ્યોએ આ જોખમનો સામનો કરવા કાયદા બનાવ્યા છે.

ઉત્તરાખંડ, ગુજરાત અને રાજસ્થાને પેપર લીકની ઘટનાઓને રોકવા માટે કડક નવા કાયદા બનાવ્યા છે. અહીં ગુનેગારોને ૧૦ વર્ષની કેદથી લઈને આજીવન કેદ અને ૧ કરોડ રૂપિયાથી લઈને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. ઝારખંડમાં પેપર લીક થવા પર આજીવન કેદ અને ૧૦ કરોડ રૂપિયા સુધીનો દંડ થશે. રાજ્યપાલે આ નવા કાયદાને મંજૂરી આપી દીધી છે.

### આયુષ્માન યોજનાનો વ્યાપ વધારવાની જાહેરાત

# આંગણવાડી કાર્યકરો, આશા વર્કરોને આયુષ્માન યોજનામાં સામેલ કરાશે

### જણાવી દઈએ તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે, દેશની મેડિકલ કોલેજોમાં સુવિધાઓ વધારાશે

મોદી સરકારે તેના બીજા કાર્યકાળના છેલ્લા બજેટમાં આયુષ્માન યોજનાનો વ્યાપ વધારવાની જાહેરાત કરી છે. લોકસભામાં બજેટ રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, ''હવે આંગણવાડી કાર્યકરો, સહાયકો અને આશા વર્કરોને પણ આયુષ્માન યોજનામાં સામેલ કરવામાં આવશે.

તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે. દેશની મેડિકલ કોલેજોમાં પણ સુવિધાઓ વધારવામાં આવશે.'' જણાવી દઈએ કે આયુષ્માન યોજના હેઠળ પરિવારને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપવામાં આવે છે. નાણામંત્રીએ કહ્યું, ''સરકાર સર્વાઈકલ કેન્સરને રોકવા માટે રસીકરણ પણ લાવી છે. કન્યાઓને સર્વાઈકલ કેન્સરની રસી વિનામૂલ્યે આપવામાં આવશે. આ ઉપરાંત નાણામંત્રીએ કહ્યું, ''આંગણવાડી કેન્દ્રોનોપણવિકાસકરવામાંઆવશે.'' મહિલાસશક્તિકરણ માટે નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે, ''આગામી પાંચ વર્ષમાં ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. દેશમાં એક કરોડથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની છે. સરકારનું આ પગલું ૯ કરોડ મહિલાઓના જીવનધોરણમાં પરિવર્તન લાવવા જઈ રહ્યું છે.''

આયુષ્માન યોજના હેઠળ લાયક પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ આપવામાં આવે છે. આ માટે દેશની સરકારી અને ખાનગી હોસ્પિટલોને સામેલ કરવામાં આવી છે. આ યોજના હેઠળ, દાખલ કર્યાના એક અઠવાડિયા પહેલા અને ડિસ્ચાર્જ પછીના ૧૦ દિવસ સુધીની તપાસ માટે ખર્ચ આપવામાં આવે છે. આ યોજના હેઠળ કેન્સર, કિડનીની બિમારી સહિત અનેક ગંભીર રોગોની સારવાર પણ કરવામાં આવે છે.

### મધ્યમ વર્ગ માટે નવી આવાસ યોજનાની જાહેરાત

# પાંચ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં બે કરોડથી વધુ આવાસ બનાવાશે

### વિકાસના ફળ હતા તે જનતા સુધી પહોંચવા લાગ્યા છે, દેશને નવી આશા મળી છે : નિર્મલા સીતારમણ

નાણા મંત્રી નિર્મલા સીતારમણ કેન્દ્ર સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કર્યું છે. તેમણે છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યું હતું. ચૂંટણી પૂર્વેના બજેટને વચગાળાનું બજેટ કહેવાય છે. નાણા મંત્રીએ દેશના મધ્યમ વર્ગ માટે નવી આવાસ યોજનાની જાહેરાત કરી.

આજે દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી સંસદમાં પ્રથમ વખત બજેટ રજૂ કરી રહ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશના મધ્યમ વર્ગ માટે ખૂબ જ મહત્વની અને મોટી જાહેરાત કરી છે. નાણામંત્રીએ મધ્યમ વર્ગ માટે નવી આવાસ યોજનાની જાહેરાત કરી છે. હવે આગામી સમયમાં મધ્યમ વર્ગને પણ આવાસ મળશે. ભાડાના મકાનો, ઝૂંપડપટ્ટીઓ અને અનિયમિત મકાનોમાં રહેતા લોકોને નવું મકાન ખરીદવા અથવા બનાવવાની તક મળશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ત્રણ કરોડ આવાસ બનાવવામાં આવ્યા છે.

જ્યારે આગામી ૫ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં બે કરોડ વધુ આવાસ બનાવવામાં આવશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ ૨૦૨૪ રજૂ કરતા કહ્યું કે, વિકાસના ફળ હતા તે જનતા સુધી પહોંચવા લાગ્યા છે. દેશને નવી આશા મળી છે. જનતાએ બીજી વખત અમારી સરકારને આશીર્વાદ આપ્યા છે. તેમણે કહ્યું કે, દેશની અર્થવ્યવસ્થા સાચી દિશામાં છે. અમારી સરકારનું ધ્યાન પારદર્શક શાસન પર છે. તેમણે ૨૦ મિનિટ સુધી કેન્દ્ર સરકારની યોજનાઓની સિદ્ધિઓની વાત કરી હતી.

### નાણામંત્રીએ ૧૧.૫૮ મિનિટે વચગાળાનું બજેટ રજૂ કર્યું

# સરકાર સતત યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને સામાન્ય જનતા માટે કાર્ય કરતી હોવાનો દાવો

નાણા મંત્રી નિર્મલા સીતારમણે સવારે ૧૧ વાગ્યે ૫૮ મિનિટમાં વચગાળાનું બજેટ ૨૦૨૪ રજૂ કર્યું. આ બજેટમાં નાણામંત્રી દ્વારા સરકારની સિદ્ધિઓ ગણાવતા કહ્યું કે, સરકાર સતત યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને સામાન્ય જનતા માટે કાર્ય કરી રહી છે. ૨૦૪૭ સુધી આપણે ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવીશું. સરકાર દ્વારા ૨૫ કરોડ લોકોને ગરીબીથી બહાર કઢાયા છે.

**બજેટ ભાષણમાં નાણામંત્રીની મહત્વની બાબતો**

૧. આગામી ૫ વર્ષ દેશના વિકાસ માટે શાનદાર હશે.
૨. રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ પર હશે સંપૂર્ણ ફોકસ.
૩. સરકાર નેક્સ્ટ જનરેશન રિફોર્મ લાવશે.
૪. આગામી ૫ વર્ષમાં ગરીબો માટે ૨ કરોડ ઘર બનાવાશે.
૫. મધ્યમ વર્ગ માટે હાઉસિંગ સ્કીમ પર વિચાર.
૬. એમએસએમઈ માટે બિઝનેસ સરળ કરવા પર કામ શરૂ.
૭. રૂફટૉપ સોલર પ્લાન હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યૂનિટ/મહિનો ફ્રી વીજળી.
૮. દેશમાં વધુ મેડિકલ કોલેજ ખોલવા પર કામ કરીશું.
૯. આંગણવાડી સેન્ટરોને અપગ્રેડ કરાશે, ASHA વર્કર્સને આયુષ્માન યોજનાનો મળશે લાભ.
૧૦. સર્વાઈકલ કેન્સર માટે વેક્સિનેશન વધારાશે.
૧૧. તમામ વિસ્તારોમાં નેનો ડીએપીનો ઉપયોગ વધારાશે.
૧૨. પશુ પાલકોની મદદ માટે સરકાર યોજના લાવીશું.
૧૩. ડિફેન્સમાં ડીપ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે યોજના લાવીશું.
૧૪. કૃષિ માટે મોર્ડન સ્ટોરેજ, સપ્લાય ચેન પર ફોકસ.
૧૫. સરસવ, મગફળીની ખેતી માટે સરકાર વધુ પ્રોત્સાહન આપશે.
૧૬. મત્સ્ય યોજનાને પ્રોત્સાહન આપવા માટે કામ કરાશે ૧૭. સી-ફૂડ એક્સપોર્ટ બેગણી કરવાનો ટાર્ગેટ.
૧૮. સરકાર ૫ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક્સ ખોલશે.
૧૯. લખપતિ દીદિઓની સંખ્યા ૨૦ લાખથી વધારીને ૩૦ લાખ કરીશું.
૨૦. એફવાય૨૫માં ઈન્ફ્રા પર ૧૧.૧ ટકા વધુ ખર્ચ કરાશે.
૨૧. એફવાય૨૫ માટે ૧૧.૧૧ લાખ કરોડ કેપેક્સનું એલાન, અત્યાર સુધીના સૌથી મોટા કેપેક્સનું એલાન.
૨૨. એનર્જી, મિનરલ, સીમેન્ડના ૩ નવા કોરિડોર બનાવાશે.
૨૩. ૪૦૦૦ રેલવે ડબ્બાઓને વંદે ભારત સ્ટાન્ડર્ડ ડબ્બાઓમાં બદલવામાં આવશે.
૨૪. નાના શહેરોને જોડવા માટે ૫૧૭ નવા રૂટ પર ઉડાન સ્કીમ લાવશે સરકાર.
૨૫. પીએમ સ્વનિધિથી ૧૮ લાખ વેન્ડર્સને કરાઈ મદદ.
૨૬. કિસાન સન્માન નિધિ અને પીએમ ફસલ યોજનાથી ખેડૂતોને મજબૂત બનાવાયા.
૨૭. ૧૧.૮ કરોડ ખેડૂતોને કિસાન સન્માન નિધિનો મળી રહ્યો છે લાભ.
૨૮. દેશમાં ૩૦૦૦ નવા આઈટીઆઈઆઈ ખોલાશે.
૨૯. ૧.૪૦ કરોડ યુવાનોને સ્કિલ ઈન્ડિયાની ટ્રેનિંગ અપાઈ છે.
૩૦. ૧૫ નવી એઈમ્સ અને ૩૯૦ નવા વિશ્વવિદ્યાલય બનાવાયા છે.
૩૧. આમ આદમીની આવક ૫૦ ટકા વધી છે.
૩૨. પીએમ આવાસ યોજનાના કારણે ૭૦ ટકા ઘરની માલિક બની મહિલાઓ.
૩૩. સરકારે અત્યાર સુધી ૩ કરોડ ઘર બનાવવાના પોતાના લક્ષ્યને હાંસલ કર્યું.
૩૪. આ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધારે ઘર બનાવાશે.
૩૫. ઉચ્ચ શિક્ષામાં મહિલાઓની ભાગીદારી ૨૮ ટકા વધી ગઈ.
૩૬. ૧૩૬૧ નવી શાકમાર્કેટ જોડાઈ.
૩૭. દેશમાં એરપોર્ટ્સની સંખ્યા ૧૪૯ થઈ ગઈ, ટિયર ૨ અને ટિયર ૩ પર ખાસ ફોકસ.
૩૮. નમો ભારત અને મેટ્રો ટ્રેન પર ફોકસ હશે.
૩૯. દેશમાં નવા મેડિકલ ખોલાશે.
૪૦. પીએમ સૂર્યોદય યોજના હેઠળ એક કરોડ ઘરોમાં સોલર લગાવાશે.
૪૧. કોલસા ગેસીફિકેશનથી નેચરલ ગેસની આયાત ઘટશે.

### માત્ર એક કલાકમાં જ બજેટ ભાષણનું સમાપન

# નાણાંમંત્રી સીતારમણે વચગાળાના બજેટમાં કરાયેલી મહત્વની જાહેરાતો

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભા ચૂંટણી ટાણે વચગાળાનું બજેટ રજૂ કરી દીધું. આ વખતે તેમણે ફક્ત ૧ જ કલાકમાં બજેટ ભાષણનું સમાપન કરી દીધું. જેમાં એવી અનેક જાહેરાતો થઈ અને એવી અનેક આશાઓ પર પાણી ફરી ગયું જે સરકારના બજેટથી રાખવામાં આવી હતી. આ વખતે વચગાળાના આ બજેટમાં કઈ કઈ જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી અને કયા કયા મુદ્દાઓને આવરી લેવાનો પ્રયાસ કરાયો તે નીચે મુજબ છે.

૧. વચગાળાના બજેટમાં આ વખતે ઈક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નથી કરાયા. એટલે કે કરદાતાઓને કોઈ રાહત મળી નથી.
૨. રેલવેથી લઈને અન્ય સેક્ટર સુધીના પ્રોજેક્ટ માટે સરકારે તેનું વિઝન રજૂ કર્યું છે. ત્રણ નવા રેલવે કોરિડોર બનાવાશે. યાત્રી ટ્રેનોમાં મોટાપાયે સુધારા કરાશે. ૪૦ હજાર સામાન્ય કોચને વંદે ભારતમાં રૂપાંતરિત કરાશે.
૩. સ્ટાર્ટઅપ માટે ટેક્સ છૂટમાં એક વર્ષનો વધારો કરાયો છે.
૪. લખપતિ દીદી યોજનાનું વિસ્તરણ કરાયું.
૫. રાજ્યોને વ્યાજમુક્ત લોન આપવાનું ચાલુ રખાશે.
૬. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૧૧ ટકા ખર્ચ વધુ કરાશે.
૭. સંરક્ષણ ક્ષેત્ર ૧૧.૧% ખર્ચ વધારવામાં આવશે જે જીડીપીનો ૩.૪% હશે.
૮. રાજકોષીય ખાધ ૫.૧% રહેવાનું અનુમાન છે. ૪૪.૯૦ કરોડ રૂ. ખર્ચ થયો છે જ્યારે ૩૦ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે.
૯. આંગણવાડી વર્કરોને હવે આયુષ્યમાન યોજનાનો લાભ અપાશે.
૧૦. તેલીબિયાંની રિસર્ચને પ્રોત્સાહિત કરાશે.
૧૧. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહિત કરાશે.
૧૨. રૂફટૉપ સોલર પ્લાન હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યૂનિટ/મહિનો ફ્રી વીજળી.
૧૩. સર્વાઈકલ કેન્સરની વેક્સિનેશન પર ધ્યાન અપાશે. ૯-૧૪ વર્ષની છોકરીઓના વેક્સિનેશન પર ખાસ ધ્યાન અપાશે. માતૃ અને શિશુ દેખરેખની યોજનાને પ્રોત્સાહન અપાશે.
૧૪. સરકાર મધ્યમ વર્ગના લોકો માટે આવાસ યોજના લાવશે. આગામી ૫ વર્ષમાં વધુ ૨ કરોડ બનાવશે. પીએમ આવાસ યોજના હેઠળ ૩ કરોડ ઘર બની ગયા છે.
૧૫. ૫ ઈન્ટીગ્રેટેડ એક્વાપાર્ક બનાવાશે.
૧૬. ડિફેન્સ માટે ૬.૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ રખાયું.
૧૭. મનરેગા માટે ૬૦ હજાર કરોડથી વધારીને ૮૬ હજાર કરોડને બજેટ કરાશે.
૧૮. છેલ્લાં ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લવાયાનો સરકારનો દાવો.
૧૯. પીએમ મુદ્રા યોજના હેઠળ ૨૨.૫ લાખ કરોડની ૪૩ કરોડ લોન મંજૂર કરાઈ.
૨૦. ૧૧.૮ કરોડ ખેડૂતોને નાણાકીય સહાય અપાઈ. ગરીબ કલ્યાણ યોજનામાં ૩૪ લાખ કરોડ ખાતામાં ડાયરેક્ટ ટ્રાન્સફર કરાયા.

### વચગાળાના બજેટમાં સરકારની સિદ્ધિઓનાં ગુણગાન

# સામાન્ય કરદાતાને કોઈ લાભ નહીં, ઈન્કમટેક્સ સ્લેબમાં ફેરફાર ન કરાયો

નાણામંત્રી નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ રજૂ કરતા કેન્દ્રની મોદી સરકારે તેમની સિદ્ધિઓ ગણાવી. આ દરમિયાન નાણા મંત્રીએ કરદાતાઓને કોઈ રાહત ન આપતા ઈક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર ન કર્યો. નાણા મંત્રીએ કહ્યું કે, ટેક્સ રેટ યથાવત્ રખાયા છે. જો કે કેટલાક જૂના ટેક્સ મામલા પરત લઈશું. પરત લેવાથી એક કરોડ કરદાતાને ફાયદો થશે. છેલ્લા પાંચ વર્ષમાં કરદાતાઓ માટે સુવિધા વધારાઈ છે. જીએસટીના કારણે ઈન્ડસ્ટ્રી પર કમ્પ્લાયન્સનો ભાર ઘટ્યો છે. આ ઉપરાંત સરેરાશ જીએસટી કલેક્શન બમણું થયું છે. નિર્મલા સીતારામનના વચગાળાના બજેટ ૨૦૨૪માં સૌને આવકવેરામાં છૂટની આશા હતી. કરવેરાના ભારને ઓછો કરવા સરકાર કોઈ જાહેરાત કરશે એવી કરદાતાઓને આશા હતી. જો કે નાણામંત્રીએ કોઈ રાહત ન આપી. આવકવેરાના સ્લેબમાં કોઈ ફેરફાર ન થવાથી કરદાતાઓની આશા તૂટી છે. સ્લેબ અને ટેક્સ રીજિમમાં કોઈ ફેરફાર નથી કરાયો. તેનો અર્થ છે કે તમે જે રીતે કરવેરા ભરી રહ્યા છો, તે જ રીતે આવકવેરો ભરતા રહેવું પડશે. દેશમાં આઠ કરોડથી વધુ એવા કરદાતા છે, જેમણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રિટર્ન ફાઈલ કર્યું હતું, જેમને ભારે નિરાશા હાથ લાગી છે. જો કે આમ છતાં એક કરોડ લોકોને ટેક્સથી જોડાયેલા લાભ મળશે કારણ કે નાણામંત્રીએ વર્ષોથી પેન્ડિંગ બાકી પ્રત્યક્ષ ટેક્સ માંગોને પરત લેવાનો નિર્ણય કર્યો છે.

## તંત્રી લેખ...

# બજેટમાં એક કરોડ લોકોને મફત વીજળી આપવાની જાહેરાત કરાઈ

એક કરોડ લોકોને મફત વીજળી આપવાની જાહેરાત કોઈ નાનો નિર્ણય નથી. આ યોજના ૧ કરોડ ઘરોની છત પર સોલાર પેનલ લગાવીને શરૂ થશે. તે પછી, પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના હેઠળ ૩૦૦ યુનિટ મફત આપવામાં આવશે. આ સ્કીમ દરેક યુઝરને ૧૮૦૦૦ રૂપિયા સુધીની બચત કરવામાં મદદ કરશે. નિષ્ણાતોનું માનીએ તો છત પર સૌર ઉર્જા દ્વારા મફત વીજળી આપવાના સરકારના નિર્ણયને સરકારની બેવડી જીત ગણવામાં આવી રહી છે. સૌપ્રથમ, સરકાર આ યોજના દ્વારા પર્યાવરણ પર નકારાત્મક અસર ઘટાડશે. બીજો ફાયદો એ થશે કે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના ખિસ્સામાં રાહત થશે. ચાલો તમને એ પણ જણાવીએ કે આ સ્કીમ તમારા ૧૮,૦૦૦ રૂપિયા કેવી રીતે બચાવી શકે છે. આ પહેલા સૂર્યોદય યોજનાને સમજવી ખૂબ જ જરૂરી છે. પ્રધાનમંત્રી સૂર્યોદય યોજનાનો ઉદ્દેશ્ય સૌર છત લગાવી ઘરોમાં વીજળી પહોંચાડવાનો છે. ઉપરાંત વધારાના વીજ ઉત્પાદન માટે વધારાનું ભંડોળ પણ આપવું પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આ જાહેરાત કરી હતી. વડાપ્રધાને એવી પણ વિનંતી કરી હતી કે મોટી સંખ્યામાં રહેણાંક વપરાશકર્તાઓને રૂફટોપ સોલાર એનર્જી સિસ્ટમ્સ ઈન્સ્ટોલ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે એક મોટું રાષ્ટ્રીય અભિયાન શરૂ કરવામાં આવે. સરકાર તરફથી મળતી માહિતી અનુસાર, વડાપ્રધાને સૂર્યવંશી ભગવાન શ્રી રામના અભિષેકના શુભ અવસર પર તેમની અયોધ્યા મુલાકાત બાદ તરત જ એક બેઠક યોજી હતી. આ બેઠક ૧ કરોડ ઘરો પર રૂફટોપ સોલર લગાવવા અંગે યોજાઈ હતી. જેમાં પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન વડાપ્રધાને કહ્યું કે છતવાળા ઘરો સૂર્યની ઉર્જાનો ઉપયોગ કરીને તેમના વીજળીના બિલને ઘટાડી શકે છે અને તેઓ તેમની વીજળીની જરૂરિયાતો માટે આત્મનિર્ભર બની શકે છે. પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના દ્વારા ૧ કરોડ પરિવારોને છત પર સૌર ઉર્જા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને તેમના વીજ બિલ ઘટાડવામાં મદદ કરવા માટે છે.

### ૨ ફેબ્રુઆરી : વર્લ્ડ વેટલેન્ડ ડે (જળપ્લાવિત વિસ્તાર દિવસ)

## પ્રકૃતિ અને જૈવસૃષ્ટિના સંરક્ષણ માટે આર્દ્રભૂમિ (વેટલેન્ડ)ની મહત્વની ભૂમિકા અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે બીજી ફેબ્રુઆરીએ 'વર્લ્ડ વેટલેન્ડ્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે



। (માહિતી) સુરત ।

૨ ફેબ્રુઆરી એટલે પ્રકૃતિ અને વિશિષ્ટ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે વેટલેન્ડ્સનું મહત્વ જાણવાનો દિવસ. પૃથ્વી પર આ વેટલેન્ડ્સ કેટલા મહત્વના છે? તે યાદ કરાવવા માટે અને તે અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે બીજી ફેબ્રુઆરીએ 'વર્લ્ડ વેટલેન્ડ્સ ડે' ની ઉજવણી કરવામાં આવે છે. તા. ૦૨ ફેબ્રુઆરી ૧૯૭૧ માં ઈરાનના રામસરમાં વેટલેન્ડ્સના વૈશ્વિક મહત્વ વિશે આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. તેની જયંતિરૂપે પણ આજના દિવસની ઉજવણી 'વર્લ્ડ વેટલેન્ડ્સ ડે' તરીકે કરવામાં આવે છે. દેશમાં ૭૫ આર્દ્રભૂમિને તેની વિશિષ્ટ જૈવ ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખી રામસર સાઈટની માન્યતા આપવામાં આવી છે. જેમાંથી ગુજરાતમાં ૪ આર્દ્રભૂમિને આ દરજ્જો મળ્યો છે. વેટલેન્ડ્સ એવી મહામૂલી સંપત્તિ છે, જે જળવાયુ પરિવર્તન ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હવે સવાલ એ થાય કે આ જળપ્લાવિત વિસ્તારો એટલે કે વેટલેન્ડ્સ શું છે ? વેટલેન્ડ એવો વિસ્તાર છે, જ્યાં વૃક્ષો-જળ-જમીન સાથે જીવસૃષ્ટિની પ્રજાતિઓનું વૈવિધ્યપૂર્ણ સહઅસ્તિત્વ જોવા મળતું હોય છે અને વર્ષ દરમિયાન પાણીથી ભરેલો રહે છે. આખા વર્ષ દરમિયાન ભૂગર્ભજળ લગભગ જમીનના સ્તરે હોય છે, તેથી આ વિસ્તારોમાં જળચર છોડનો પુષ્કળ વિકાસ થાય છે. છોડ અને પ્રાણીઓની સમૃદ્ધ શ્રેણી સાથેની વેટલેન્ડ્સમાં જૈવવિવિધતા અન્ય તમામ ઈકોસિસ્ટમ્સ કરતાં વધુ હોય છે, જે તેને અમૂલ્ય બનાવે છે. વેટલેન્ડ્સ એ યાયાવર પક્ષીઓનું પ્રિય સ્થળ છે. વિશ્વભરમાં પક્ષીઓની અનેક જાતો વિવિધ ઋતુઓમાં અન્ય દેશોમાં પ્રવાસ કરે છે. આ પ્રવાસી પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન હેતુ વર્ષ-૧૯૬૦ ના દાયકામાં જે આર્દ્રભૂમિ પર સૌથી વધુ પ્રવાસી પક્ષીઓ આવતાં હોય તે સાઈટના રક્ષણ માટે વિવિધ દેશોની સરકાર વચ્ચે મંત્રણાઓ થઈ હતી. વર્ષ-૧૯૭૧ માં ઈરાનના 'રામસર' શહેરમાં નિષ્ણાંતો વચ્ચે ચર્ચાઓ થઈ હતી. જેને રામસર સંધિ તરીકે ઓળખવામાં આવે છે. તા.૨૧ ડિસેમ્બર,૧૯૭૫ ના રોજ પૂર્ણરૂપથી આ સંધિ લાગુ કરવામાં આવી હતી. ભારતે આ સંધિ તા. ૧ ફેબ્રુઆરી, ૧૯૮૨ના દિનથી અપનાવી છે. પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ જ વિશિષ્ટ હોય એવાં ભેજવાળા સ્થળોને રામસર આંતરરાષ્ટ્રીય સંધિ પ્રમાણે સંરક્ષણ આપવામાં આવે છે. દર વર્ષે તેમાં નવા-નવા સ્થળો ઉમેરવામાં આવે છે. રામસર સાઈટ નિયત કરવાં માટે કેટલાંક આંતરરાષ્ટ્રીય માપદંડો છે. જેમાં એવાં સ્થળો કે, જ્યાં જૈવ ભૌગોલિક વિસ્તારમાં જૂજ અને વિશિષ્ટ પ્રકારની આર્દ્રભૂમિ હોવી જોઈએ. 'રામસર સાઈટ' જાહેર કરવાં માટે નિયત પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. યુનેસ્કોને જે-તે આર્દ્રભૂમિને 'રામસર સાઈટ' જાહેર કરવાં માટે દરખાસ્ત કરવામાં આવે છે. યુનેસ્કોની ટીમ દ્વારા જરૂરી તપાસ કરીને જે-તે સ્થળને 'રામસર સાઈટ' જાહેર કરવામાં આવે છે. દેશમાં 'રામસર સાઈટ' જાહેર થયાં બાદ જે-તે વિસ્તારને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ ઓળખ મળવાની સાથે તેની જૈવસંપદાના સંરક્ષણ માટે વિશેષ બળ અને પ્રયત્ન થાય છે. આ ઉપરાંત, જે તે રાજ્ય સરકાર દ્વારા 'રામસર સાઈટ' માટે વિશેષ અનુદાન આપવામાં આવે છે.

# જીયો તો ઐસે જીયો... પરમાત્માની કૃપાથી આપણી પાસે બધું જ છે, છતાં જીવનનું સાચું મૂલ્યાંકન કરી શકતા નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણી માનસિકતા ધીરે ધીરે અપંગ થતી જાય છે, જો તેનો સ્વીકાર કરવામાં આવે તો તેમાંથી કંઈક સુધારાનુ પરિણામ મળી શકે, પરંતુ આપણે જો સ્વીકારવું જ ન હોય કે, આપણું જીવન યોગ્ય દિશામાં જતું નથી, અથવા કંઈક ખોટ છે! તો એનું કંઈ જ થઈ શકે નહીં. એટલે કે ભૂલનો સ્વીકાર અથવા આત્મનિવેદન એક તબક્કે થવું એ બહુ જરૂરી હોય છે. મન કરતાં શરીર અપંગ કે વિકલાંગ હોય તો વધુ સારું એવી સ્થિતિ આજના સમાજની થઈ ગઈ છે.

જન્મથી જ કેટલાય બાળકો વિવિધ રીતે વિકલાંગ જોવા મળે છે, અને સરકારે તેને વિકલાંગ નહીં પરંતુ દિવ્યાંગ નામ આપ્યું. કારણકે ઈશ્વરની જ રચના છે, તો એમાં ખોટ કેમ કાઢી શકાય!! શરીરથી કદાચ કોઈ ત્રૂટિ જન્મથી હોય કે, જન્મ બાદ આ સમસ્યાનો સામનો કરવો પડે, પરંતુ તેઓના મનોબળ બહુ જ દ્રઢ હોય છે. ઘણા વિકલાંગના દાખલા આપણે જોઈએ તો તેઓએ જીવનમાં કંઈ ગુમાવ્યું છે, અથવા તો તેમની પાસે આ નથી, એવો અફસોસ કરવાનું છોડી, અને જે કોઈ ઈન્દ્રિય સાબૂત છે, એના વડે જીવન જીવવાનું શરૂ કર્યું, અને એના પરિણામે તેઓ બહુ મોટી મોટી સિદ્ધિઓ પણ હાંસલ કરી ચૂક્યા છે. આજે તો હવે વિજ્ઞાને ઘણી તરક્કી છે, પરંતુ ૫૦ ૬૦ વર્ષ પહેલા પગ ન હોવો કે પોલિયો થવો, એ બહુ મોટી વિકલાંગતા કહેવાથી, અને ત્યારે આવી જ એક બાળાએ પોતાની કિસ્મતને માત આપવાનું વિચારી અને નૃત્યની તાલીમ લેવાનું શરૂ કર્યું. આપણે સૌ જાણીએ છીએ કે સુધા ચંદ્રન નામની આ બાળા આજે બહુ મોટી અભિનેત્રી બની ગઈ છે, અને એવા તો વિશ્વભરમાં કેટલા એ હશે કે જેઓએ પોતાના પ્રારબ્ધને સ્વીકારીને આગળના જીવનનો માર્ગ કાઢ્યો હશે, અને સિદ્ધિ પણ પ્રાપ્ત કરી હશે. એટલે આપણે ધારીએ તો બધું જ અહીં શક્ય છે. પરંતુ એની માટે પહેલાં પોતાનાં આ સ્વરૂપનો કે સંજોગોનો સ્વીકાર, અને તેનો સંતોષ હોવો જોઈએ. ઘણાં લોકો પાસે કંઈ જ હોતું નથી, અને છતાં તે એવી રીતે જીવે છે, કે જાણે તેનું જ બધું છે, અને જાય છે ત્યારે એ રીતે જાય કે, જાણે તેનું કંઈ હતું જ નહીં. તો આજે આપણે આવા ભાવનો સંદર્ભ લઈને તારાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશુ. હિન્દી કહેવતનું ગુજરાતીમાં ચિંતન કરીશુ.

**આ રીતે જીવો**
**બધું તમારું છે**
**આ રીતે જીવો**
**બધું તમારું છે**
**તે રીતે મૃત્યુ પામે છે**
**કશું તમારું નથી**
**આ રીતે જીવો**
**બધું તમારું છે**
**આ રીતે જીવો**
**આજે હું જ્યાં છું**
**તરફ આકર્ષિત થશો નહીં**
**તે જીવન નથી**
**જેમાં આશા ઓલવાઈ ગઈ છે**
**કોઈપણ તરસ છીપાવવા**
**દ્વારા દબાવી શકાય નહીં**
**તેનાથી તમને શાંતિ મળશે**
**તમારી તરસ છીપાવો**
**આ કહ્યા પછી પાછી ફરી**
**જીવનની ભૂમિ છે**
**આ રીતે જીવો**
**આ આકાશ આ પૃથ્વી**
**આ વાતાવરણ, આ દશ્યો**

૧૯૬૫માં બનેલી બહુ બેટી નામની ફિલ્મનું આ ગીત છે, આ ગીતના ગાયક મહંમદ રફી સાહેબ છે,અને સંગીતકાર રવિ જૈન અને ગીતના શબ્દો સાહિર લ્યુધ્યાનવી ના છે. કવિ પોતાની રચનામાં કહે છે કે ઈશ્વરે દરેકને દેહ ભલે અલગ અલગ આપ્યો, પણ આ પ્રકૃતિ તો સૌની છે, અને જીવો તો એવી રીતે જીવો કે આ બધું જ તમારું છે, અને જાઓ તો એવી રીતે જાવ કે આ કંઈ જ તમારું ન હતું. મમતાનું વલણ એટલું દ્રઢ ન બનાવો કે એને છોડી ન શકાય, અને ફરિયાદનું વલણ એટલું મોટું ન રાખો કે આવેલી પરીસ્થીતીને સ્વીકારીને જીવી ન શકાય. મને આ નથી મળ્યું,મને આ નથી મળ્યું, એમ કરીને જગતથી ખેંચાય ખેંચાય ને એટલે કે જગત કે પછી સંબંધથી અલિપ્ત કે ઉદાસ રહીને જીવવું એ કંઈ જીવન નથી, અને એવું જીવન શુ કામનું કે, જેમાં આજ એટલે કે વર્તમાન જ મરી જાય!

જીવનની આશા કે ઉમ્મીદ જ ન હોય, એ જીવન મૃત્યુ બરાબર છે. કોઈ ઈચ્છા, તડપ, પ્યાસ, એ પૂરી થયા વગર સંતૃપ્ત થતી નથી, પણ જો પ્યાસ એટલે કે ઈચ્છા કે આકાંક્ષા જ હોય તો કોઈ તરસ રહેતી નથી,તો જ જીવનમાં ચેન મળશે એટલે કે, ઈચ્છા સમાપ્તિએ જીવનમાં શાંતિનો અનુભવ થાય છે. પ્રકૃતિ સન્મુખ થઈને કહે છે કે, આ આકાશ, આ ઘટા, આ બાદલ, બધા જ તમારી મારી એક નજર માટે તરસે છે, એની કોઈ ઉપલબ્ધિ ન હોય એમ એની આ કુદરતી અદાઓને ઠુકરાવી ન દે. જીવન જીવવા માટે કોઈ ઠોસ કારણ, હેતુ, કે લક્ષ્ય, શોધી લ્યો તો ગમે તેવી મુસીબત વાળું જીવન હશે તો એમાંથી પણ માર્ગ નીકળશે. બહુ નજીકથી જિંદગી જીવવા માટે કવિએ આપણને પોકાર્યા છે. તો જીવો તો એવી રીતે જીવો, કે આ બધું જ તમારું છે, અને જાવ તો એવી રીતે જાવ કે આ કહી જ તમારું ન હતું. ઝિંદાદિલી નો ખૂબ જ સુંદર મેસેજ આપતું આ ગીત ઉત્તમ જીવન જીવી શકાય એ માટે, બહુ જ મદદગાર સાબિત થઈ શકે. ઈશ્વરની બનાવેલી આ દુનિયામાં, એકોએક જીવ શારીરિક રચનાની દ્રષ્ટિએ રંગની દ્રષ્ટિએ સ્વભાવની દ્રષ્ટિએ, અલગ-અલગ મહત્વ ધરાવે છે, અને દરેકના જીવન વિશેનાં અભિપ્રાય પણ અલગ હોય છે. કોઈને રૂપિયો સુખ આપે છે તો, યકીન માનો કોઈને રૂપિયો દુઃખ પણ આપે છે. એટલે પોતાના જીવનની આવી નાની-મોટી ફરિયાદને બહુ ગંભીર રીતે લીધા વગર, જીવનનાં ઉત્થાન માટે વિચારી શકાય અને તો જ જીવન કંઈક નવા આયામમાં જાય છે. બાકી બધાં તો અહીં કીડા મકોડાની જેમ આવી આવી અને, એ જ ગોળ આસપાસ એટલે કે ભોગ આસપાસ જીવીને જીવન પૂરું કરે છે. જ્યારે કંઈક વિશેષ કર્મ કરવું હોય તો આપણી આ ક્ષતિને સ્વીકારીને કંઈક વિચારવામાં આવે તો, નવી દિશા ખુલતી દેખાય છે. જ્યાં આગળ કેવળ સત્યના અજવાળા છે, પ્રેમનું પિયુષ પાણી છે, અને કરુણાનું વાતાવરણ છે. આ હરી ભરી પ્રકૃતિ આપણી માટે જ તો ઈશ્વરે નિયુક્ત કરી છે, અને તેનાં ત્યાગ સમર્પણ વિશે જ્ઞાન થતાં એનાં નિસ્વાર્થ પ્રેમનું મુલ્ય સમજાશે. સુરજને ખબર નથી કે તે આખો દિવસ તપીને કે સળગીને આપણને પ્રકાશ આપે છે, પવનને પણ ખબર નહિ હોય કે તેના લહેરાવવા થી આપણું જીવન શક્ય છે, પાણી પોતાની નિર્મળતા અંગે જાણતું નહીં હોય માટે જ નિર્મળ રહી શકે છે. આકાશ ની વિશાળતા નું માપ કોને પૂછીએ! કેટકેટલા બ્રહ્માંડ સમાવીને બેઠું છે! અને આ ધરા સતત પરિભ્રમણ કરતી હોવા છતાં આપણને સ્થિર રાખે છે. એટલે જ્યાં ત્યાગ કે સમર્પણ હોય એનું જ્ઞાત રહેવું એટલે કે એનું યાદ રહેવું,એ અહમ્ વધારતું હોવાથી લાંબો સમય ટકી રહે નહીં. સંબંધોમાં સાતત્ય તેમજ આત્મિયતા કે સ્નેહ સાનિધ્ય ની જેમ આપણી ઝંખના છે તેમ અન્યની પણ ઝંખના હોય, માટે આપણા સમપ'ણને ગાયા વગર દરેકે દરેક ના જીવન નું મૂલ્યાંકન ઈશ્વર કરી રહ્યો છે, માટે એને એની પર છોડીને, આપણાથી જેટલા વાણીથી મધુર અને કર્મથી ઉદાર રહી શકાય એટલા રહીએ, તો ખરેખર આપણી એક નજર માટે આ આસમાન ને ફીઝા તરસી રહ્યા હોય એવું લાગશે. ન કરવાનું કેટલું જીવનમાં કરી ચૂક્યાં, હવે કરવા જેવું કંઈક વિશેષ કાર્ય આ જીવન છે ત્યાં કરી લઈએ, જેથી કરીને ખોટું જીવ્યાનો બહાર ના રહે, અને હલકા ફુલકા પવન જેમ આ દુનિયામાંથી વિદાય લઈ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.


# મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે, વિષયોના ચિંતનથી મન જીવે છે

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



કોઈના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો. તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા,મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર!આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સારના વિષયોમાં ઝેર છે, તું ખાઈશ નહીં. ખાઈશ તો તું દુઃખી થઈશ.આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો.

પોતાના ગુરુ થવું એનો અર્થ કર્ણના શિષ્ય થવું.દત્તાત્રેયની પેઠે સર્વ ને ગુરુભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે.તે સંસાર ના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન કહી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે, પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષથ થઈ જતું નથી. જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે. નિંદ્રાનું સુખ તામસી સુખ છે. નિદ્રામાં હુંપણું-અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી. યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપ માં મળી જાય છે. મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે. વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે. સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે.



તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ.મનને પ્રતિકૂળ વિષયોમાંથી અનુકૂળ વિષયોમાં લઈ જાવ. એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે. નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી. નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી, સમાધિમાં અહંભાવ ભૂલાય છે.

સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે. સમાધિના બે પ્રકાર છેઃ જડ સમાધિ અને ચેતન સમાધિ. યોગી મનને બળાત્કારથી વશ કરી પ્રાણના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે. એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે. વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે.કનૈયાની વાંસળી સાંભળી ગોપી ઓ સહજ સમાધિનો અનુભવ કરે છે. શ્રી કૃષ્ણકથાનું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવા નો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં- બેસતાં સર્વત્ર, સર્વકાળે સમાધિ જ લાગેલી રહે છે. તેઓને આપો આપ સમાધિ લાગે છે. આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય. યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય. એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે. પણ શ્રીકૃષ્ણ કથા એવી છે કે, જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવું છે. એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણ કથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. શ્રીકૃષ્ણકથાનો એ ચમત્કાર છે. મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતી કે, સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિ મળે? પણ શુકદેવ જી મહારાજ એવી ચતુરીથી, ધીરે ધીરે રાજાના મનને અના સક્ત બનાવી શ્રીકૃષ્ણપ્રેમમાં તન્મય કરે છે. સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે, ભક્તિ વધે છે, વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણ કથામાં રાજા તન્મય બની મુક્તિ પામે છે.એકલા રાજાને માટે જ તે શક્ય છે એવું નથી.

આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ. ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ. શ્રીકૃષ્ણ કથા એ ભવસાગરના દુઃખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે. યોગીઓ આંખો બંધ કરીને જગત ને ભૂલવાનો પ્રયત્ન કરે છે, પણ જગત ભૂલાતું નથી. તેમને એ અઘરું લાગે છે.બીજી બાજુ ગોપી ઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી? ગોપીઓની જ. શ્રીકૃષ્ણપ્રેમનું આ કૌતુક છે. મનમાં વિરોધ ન રાખો, વાસના ન રાખો.વિરોધ અને વાસના નિરોધમાં વિઘ્ન કરે છે. તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો.તેમ જગતના ભોગપદાર્થો ભોગવવાની વાસના ન રાખો. નિરોધ થાય છે. અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણલીલામાં અનાયાસે મનનો નિરોધ થાય છે. ઘડીભર માની લો કે, આ સંસાર સુંદર છે. તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે? મનુષ્ય સૌંદર્ય જોવા માટે કાશ્મીર વગેરે સ્થળોએ જાય છે, હા ત્યાં જવાની કંઈજ જરૂર નથી, કારણ કે ખરું સૌંદર્ય અંતર માં છે, ઈશ્વરમાં છે.તે સૌંદર્ય જોવા પ્રયત્ન કરો. પરમાત્માના કોઈ પણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે. ભાગવત એમ કહેતું તથી કે, ફક્ત શ્રીકૃષ્ણમાં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માં તન્મય થાઓ. તમને ગમે તે ઈશ્વરનું સ્વરૂપ તમે અપનાવો. એકાંત અનન્ય ભક્તિ રાખો અને અન્યને અંશરૂપ માની તેને કંદન કરો. આ પ્રમાણે બીજામાં અંશા ત્મક પ્રેમ રાખો તો પછી ભક્તિમાં રાગદ્વેષ આવશે નહીં,તેજ અનન્ય ભક્તિ છે. અનન્ય ભક્તિ એવું નથી કહેતી કે બીજાને તુચ્છ કરવા. સ્ત્રીનો સોળ આની પ્રેમ પોતાના પતિમાં હોય છે, પણ પતિનાં બીજાં સગાંઓમાં તે અંશાત્મક પ્રેમ રાખી તેમની સેવા પણ કરે છે. બીજા તરફ પ્રેમ રાખે છે, તેથી તેના પતિ પરના પ્રેમમાં કશી ન્યૂનતા આવતી નથી. તેવું જ અનન્ય ભક્તિનું છે. શ્રીકૃષ્ણ કથા અનાયાસે મુક્તિ આપનારી છે. મુક્તિ આત્માને મળતી નથી.આત્માને મુક્ત થવાનો કોઈ પ્રશ્ન જ નથી. આત્મા સદા મુક્ત છે. આત્મા પરમાત્માનો અંશ છે તેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે. કેટલાક આત્માને પરમા ત્માનો અંશ માને છે. તેઓ અંશ અંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવલોકમાં મારો જ અંશ છે, એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે. આ વિશે શંકર સ્વામી કહે છે કે, જીવ ઈશ્વરના અંશ જેવો છે, પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે. ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ-મહા કાશ એક જ છે, પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે.તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી.એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે. ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે, તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે, અખંડ છે. તેના ટુકડા થઈ શકે નહીં. આમ તત્ત્વદષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છે એ બરાબર નથી. પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે. વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે. બિંદુઓનો સાગર છે, પણ બિંદુ એ સાગર નથી. રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.બીજાઆચાર્યો વળી કહે છેકે, જીવબદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજે છે.

જેકી શ્રોફ ટોકીઝની બહાર મગફળી વેચતા હતા

# જગ્ગુ દાદા (જેકી શ્રોફ) આજે ૬૭ વર્ષના થયા

## માએ સાડી વેચીને ૧૦મા ધોરણ સુધી ભણાવ્યા, બસ સ્ટોપ પર ઊભા હતા ત્યારે મોડેલિંગનો પહેલો પ્રોજેક્ટ મળેલો

જગ્ગુ દાદા ઉર્ફે જેકી શ્રોફ આજે ૬૭ વર્ષના થયા. મુંબઈની તીન બત્તી ચાલમાં જન્મેલા જેકીને આજે કોઈ ઓળખની જરૂર નથી. ગરીબીની સ્થિતિ એવી હતી કે, ૧૦ બાય ૧૦ના રૂમમાં ચાર લોકો રહેતા હતા અને તેમની આવકનો સ્રોત મગફળી વેચવાનો અને શેરીઓમાં પોસ્ટરો ચોંટાડવાનો હતો. જેકી એક સમયે થિયેટરની બહાર મગફળી વેચતા હતા, ક્યારેક ફિલ્મના પોસ્ટર ચોંટાડતા હતા. એક દિવસ એક વ્યક્તિએ તેમને બસ સ્ટેન્ડ પર જોયા અને પૂછ્યું, 'શું તું મોડલિંગ કરીશ?' જેકીએ એક પછી એક પ્રશ્ન પૂછ્યો - 'પૈસા આપશો?' આ બે પ્રશ્નો વચ્ચેની વાતચીતે ચાલીના સામાન્ય છોકરાને બોલિવૂડ સ્ટાર બનાવી દીધો. ફિલ્મોમાં આવ્યા પછી પણ જેકીએ પોતાનું સ્થાન બદલ્યું ન હતું. સેટ પર જવા માટે પણ તેઓ ચાલના બાથરૂમમાં કલાકો સુધી કતારમાં ઊભા રહેતા હતા, જ્યાં ૩૦ લોકો વચ્ચે માત્ર ૩ બાથરૂમ હતા. મોટા પ્રોડ્યુસર ક્યારેક બાથરૂમની બહાર તેમની રાહ જોતા. આજે તેમનું સ્થાન બદલાઈ ગયું છે, પરંતુ જેકીનું કહેવું છે કે, તેમને માત્ર ચૉલમાં જ શાંતિથી ઊંઘ આવે છે. જેકીને ઈન્ડસ્ટ્રીનો મોસ્ટ ડાઉન ટુ અર્થ એક્ટર કહેવું ખોટું નથી. તે જ્યાં પણ જાય છે, તેમના હાથમાં એક છોડ હોય છે, પછી તે ફેમસ એવોર્ડ ફંક્શન હોય કે રામમંદિરનું ઉદ્‌ઘાટન. ક્યારેક જૂના દિવસોને યાદ કરવા માટે તે ૧૦ બાય ૧૦ની રૂમમાં કલાકો સુધી રહેવા જાય છે તો ક્યારેક તે વૃદ્ધોને મળે છે. ચાલીના જગ્ગુ દાદા હંમેશા લોકોની મદદ માટે હાજર છે. કોઈને મદદની જરૂર ન રહે તે માટે તેમણે ભિખારીઓને પોતાનો વ્યક્તિગત નંબર આપ્યો છે. વાર્તા બોમ્બેથી શરૂ થાય છે. જેકી શ્રોફનો જન્મ ૧ ફેબ્રુઆરી, ૧૯૫૭ના રોજ તીન બત્તી ચાલમાં થયો હતો. તેમનાં માતા અને પિતા રીટા અને કાકુભાઈની પ્રેમ કહાની પણ આ જ ચાલીમાં શરૂ થઈ હતી. હકીકતમાં, ૧૯૩૬ની આસપાસ કઝાકિસ્તાનમાં બળવા દરમિયાન, ૧૦ વર્ષની રીટા, તેના સાત ભાઈ-બહેન અને માતા સાથે, પોતાનો જીવ બચાવવા માટે પહેલા લાહોર અને પછી દિલ્હી આવી. થોડા સમય પછી તેમનો પરિવાર દિલ્હીથી બોમ્બે આવ્યો. પૈસા ન હતા તેથી આખો પરિવાર ગરીબીમાં તીન બત્તી ચાલમાં સ્થાયી થયો. બીજી તરફ, શ્રીમંત પરિવારમાં જન્મેલા કાકુભાઈ શેરબજારમાં ગુમાવવાને કારણે ગરીબીનો સામનો કરીને એક ચાલમાં રહેવા આવ્યા રીટા અને કાકુભાઈ તીન બત્તી ચાલમાં મળ્યા અને બંનેના લગ્ન થયા. લગ્નથી દંપતીને બે પુત્રો હતા. ચાર જણનું કુટુંબ ચાલમાં એક નાનકડા રહેતું હતું. ૭ રૂમમાં ૩૦ લોકો માટે માત્ર ૩ બાથરૂમ હતા, જેમાં લાંબી લાઈનોમાં ઊભા રહેતા હતા. ચાલમાં દર વર્ષે દિવાળીની ખૂબ ઉજવણી કરવામાં આવતી હતી. દીવા પ્રગટાવવામાં આવતાં અને ફટાકડાથી ઝગમગી ઊઠતી, પણ જેકી ફટાકડાથી ખૂબ જ ડરતો હતો. ાઈ જતો હતો. આવી સ્થિતિમાં જ્યારે માતા જેકીને પરેશાન થતી જોતી બાળકોને મારતી હતી.



રકુલ-જેકી ૨ વર્ષથી રિલેશનશિપમાં છે

# રકુલ પ્રીત-જેકી ટૂંક સમયમાં જ લગ્ન કરવા જઈ રહ્યા છે

## રકુલ-જેકી મિડલ ઈસ્ટમાં લગ્ન કરવાના હતા પરંતુ સીએમ મોદીની અપીલ બાદ ડેસ્ટિનેશન બદલી નાખ્યું

બોલિવૂડના લોંગ ટાઈમ કપલ જેકી ભગનાની અને રકુલ પ્રીત સિંહ ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. લગ્નની તમામ તૈયારીઓ થોડા દિવસો પહેલા જ શરૂ થઈ ગઈ હતી, પરંતુ પીએમ નરેન્દ્ર મોદીની અપીલ બાદ બંનેએ લગ્ન સ્થળમાં મોટો ફેરફાર કરવો પડ્યો હતો. આ કપલ પહેલા મિડલ ઈસ્ટમાં ડેસ્ટિનેશન વેડિંગ કરવા જઈ રહ્યું હતું, પરંતુ પીએમ નરેન્દ્ર મોદીની વેડ ઈન ઈન્ડિયા અપીલ બાદ બંને હવે રોકાઈ રહ્યા છે. ભારતમાં જ લગ્ન કરશે. સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, ૬ મહિનાની તૈયારી બાદ જેકી ભગવાની અને રકુલ પ્રીત સિંહ મધ્ય પૂર્વમાં લગ્ન કરવા જઈ રહ્યા હતા. તમામ તૈયારીઓ થઈ ચૂકી હતી અને બધું પ્લાન મુજબ થઈ રહ્યું હતું, પરંતુ જ્યારે ડિસેમ્બરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ અમીર પરિવારોને ભારતમાં રહીને લગ્ન કરવાની અપીલ કરી ત્યારે જેકી-રકુલે પોતાનો નિર્ણય બદલી નાખ્યો. બંનેએ મિડલ ઈસ્ટને બદલે ગોવામાં પોતાના લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી, જેથી બંને ભારતની અર્થવ્યવસ્થામાં યોગદાન આપી શકે. રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની ૨૧ ફેબ્રુઆરીએ ગોવામાં વેડિંગ પ્લાન કરી રહ્યા છે. આ લગ્નમાં માત્ર કેટલાક નજીકના સંબંધીઓ અને મિત્રો જ હાજર રહી શકશે, ત્યારબાદ કપલ મુંબઈમાં ભવ્ય રિસેપ્શન આપી શકે છે. લગ્નમાં પ્રાઈવસી માટે બંનેએનો ફોન પોલિસી રાખી છે. લગ્નમાં કોઈ પણ મહેમાન મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં. જેકી ભગનાની અને રકુલ પ્રીત છેલ્લા ૨ વર્ષથી રિલેશનશિપમાં છે. તેણે ૨૦૨૨ માં તેના જન્મદિવસ પર કેટલીક તસવીરો શેર કરીને જેકી સાથેના તેના સંબંધોની પુષ્ટિ કરી. ત્યારથી, બંને અવારનવાર સાથે તસવીરો શેર કરે છે.



# હું ઇશા વિશે કંઇ કહેવા નથી માગતો કારણ કે શો હવે પતી ગયો છે



અભિષેક કુમારને બિગ બોસ ૧૭ના પહેલા રનર અપ તરીકે સંતોષ માનવો પડ્યો છે. તેને ઘણા લોકો સપોર્ટ કરી રહ્યાં હતાં, જો કે કેટલાંક લોકો ઈચ્છતા ન હતાં કે ટોપ ૨માં પહોંચે, ખાસ કરીને કાંડ બાદ તેની છવિ ખરાબ થઈ ગઈ હતી. તેમ છતાં, તેણે સારી ગેમ રમી અને શોના છેલ્લા કેટલાંક અઠવાડિયામાં ખૂબ પોપ્યુલારિટી મેળવી. શોમાં ઈશા માલવીય સાથે તેને પાછલા સંબંધો ચર્ચામાં અભિષેક કુમારે 'બિગ બોસ ૧૭'ની શરૂઆતથી ઈશા માલવીય માટે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. લોકોને લાગ્યું કે આ શોમાં તેની ગેમનો ભાગ છે. જ્યારે એક્ટરે આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે,' હું ક્યારેય રિલેશનશિપની આસપાસ ગેમ રમવા માગતો ન હતો. શોમાં મારા ઘણા અન્ય રિલેશનશિપ હતાં, લોકોએ તે જોયું હતું. એવું ન હતું કે મે આ ટોપિસને લઈને પોતાનો ગેમ પ્લાન બનાવ્યો હતો. અભિષેક કુમારે કહ્યું કે તે પાછલા રિલેશનથી આગળ વધી ગયો છે. તેને જ્યારે 'બિગ બોસ ૧૭'ના ફિનાલે વીકમાં તેના આઇડલ પાર્ટનર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, ઈશા જેવી છોકરી સાથે રિલેશનશિપ ઇચ્છે છે. જ્યારે અભિષેક કુમારને પૂછવામાં આવ્યું કે, હજુ પણ ઈશા માલવીયને પ્રેમ કરે છે તો તેણે કહ્યું, હું ઈશા વિશે કંઇ કહેવા નથી માગતો કારણ કે શો હવે પતી ગયો છે. અભિષેક કુમારે વધુમાં કહ્યું કે, હું ફક્ત એટલું જ કહેવા માગુ છું કે હવે તે બધુ ખતમ થઈ છે અને હવે ઈશાને લઈને કોઈ સવાલ ન પૂછો. હું તેના સંપર્કમાં નહી રહું. શોમાં આવતા પહેલા આશરે એક વર્ષ સુધી અમે કોન્ટેક્ટમાં ન હતાં. અભિષેક કુમારના માતા-પિતાને દીકરા પર ગર્વ છે.

અભિનેત્રીએ તેની ફિટનેસ રૂટિન શેર કરી

# હિનાએ વર્કઆઉટનો વીડિયો શેર કર્યો




## વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે ફિયર ફેક્ટરઃ ખતરોં કે ખિલાડી ૧૩માં ચેલેન્જર તરીકે જોવા મળી હતી

ફિટનેસ ઉત્સાહી હિના ખાન માને છે કે ઊંડા શ્વાસ લેવાની કસરત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેનાથી માત્ર શાંતિ જ નથી વધતી પણ વધુ વજન ઉપાડવાની ક્ષમતા પણ વધે છે. 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ફેમ અભિનેત્રી હિનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ વિભાગમાં જઈને તેના તાજેતરના વર્કઆઉટ સેશનના કેટલાક વીડિયો શેર કર્યા. વીડિયોમાં હિનાએ નિયોન ગ્રીન ટી-શર્ટ અને ગ્રે ટાઈટ્સ પહેરી છે. તેણીએ તેના વાળ પોનીટેલમાં બાંધ્યા છે અને ઊંડા શ્વાસ લેતી વખતે વજન ઉઠાવી રહી છે. વીડિયોની સાથે, અભિનેત્રીએ એક લાંબી નોંધ લખી છે, ''તમારા શ્વાસને રોકવાની આદત બનાવવાથી તમારું બ્લડ પ્રેશર વધી શકે છે, જેનાથી ચક્કર, ઉલટી અથવા હાર્ટ એટેક પણ આવી શકે છે. કસરત કરતી વખતે ઊંડા શ્વાસ લેવાની પ્રેક્ટિસ કરો, ઊંડા શ્વાસ લેવાથી તમારું બ્લડ પ્રેશર ઓછું થઈ શકે છે, તમને આરામ મળે છે, તમને શાંત રાખવામાં મદદ મળે છે, બધા સ્નાયુઓને મજબૂત બનાવવામાં મદદ મળે છે... તે તમને વધુ વજન ઉપાડવાની ક્ષમતા પણ આપે છે. તેમણે ઉમેર્યું, ''વજન તાલીમ માત્ર સારા સ્વરૂપ વિશે જ નથી.. ઊંડા શ્વાસો લેવા અને યોગ્ય રીતે શ્વાસ લેવો એ પણ એટલું જ મહત્વપૂર્ણ છે..સ્ટ્રેંથ ટ્રેનિંગ દરમિયાન તમારા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું ખરેખર તમારા માટે કામ કરી શકે છે''. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે 'ફિયર ફેક્ટરઃ ખતરોં કે ખિલાડી ૧૩'માં ચેલેન્જર તરીકે જોવા મળી હતી. તે ટૂંક સમયમાં અંગ્રેજી અને હિન્દી દ્વિભાષી ફિલ્મ 'કંટ્રી ઓફ બ્લાઈન્ડ'માં જોવા મળશે.

બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે ૬ ફિલ્મો

# ફેબ્રુઆરી મહિનો હશે ફિલ્મોના એન્ટરટેઈનમેન્ટથી ભરપુર

## ફેબ્રુઆરી મહિનામાં રોમાન્સ, કોમેડી અને રીયલ લાઈફ પર આધારિત ફિલ્મો લોકોને જોવા મળશે



૧. સેક્શન ૧૦૮




૨. તેરી બાતો મેં એસા ઉલજા જીયા




૩. કુછ ખટ્ટા હો જાયે



૪. આર્ટિકલ ૩૭૦




૫. લવ સેક્સ ધોખા ૨



૬. મિર્ગ

વર્ષ ૨૦૨૪ નો બીજો મહિનો એટલે કે ફેબ્રુઆરી મહિનાની શરૂઆત થઈ ગઈ છે. આ મહિનો એન્ટરટેઈનમેન્ટની દ્રષ્ટિએ જોરદાર રહેવાનો છે. કારણ કે ફેબ્રુઆરી મહિનામાં બોક્સ ઓફિસ પર અલગ અલગ જોનરની ફિલ્મો રિલીઝ થવાની છે. ફેબ્રુઆરી મહિનામાં રોમાન્સ, કોમેડી અને રીયલ લાઈફ પર આધારિત ફિલ્મો લોકોને જોવા મળશે. તો ચાલો તમને પણ જણાવી દઈએ કે ફેબ્રુઆરી મહિનામાં કઈ કઈ ફિલ્મો રિલીઝ થવાની છે.

**સેક્શન ૧૦૮ :** સેક્શન ૧૦૮ અભિનેતા નવાજુદ્દીન સદ્દિકીની ફિલ્મ છે. આ ફિલ્મ ૨ ફેબ્રુઆરીએ રિલીઝ થશે. આ ફિલ્મ એક મિસ્ટ્રી થ્રીલર ફિલ્મ છે. **તેરી બાતો મેં એસા ઉલજા જીયા :** શાહિદ કપૂર અને ક્રિતી સેનનની આ ફિલ્મ ૯ ફેબ્રુઆરીએ થિયેટરમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મની સ્ટોરી ખુબ જ અલગ છે જેના કારણે બંને હાલ ચર્ચામાં છે. ફિલ્મના કેટલાક ગીત અને ટ્રેલર અત્યાર સુધીમાં રિલીઝ થયા છે જેને લોકોએ ખૂબ જ પસંદ કર્યા છે. **કુછ ખટ્ટા હો જાયે :** જો તમને કોમેડી ફિલ્મ જોવાનો શોખ છે તો ૧૬ ફેબ્રુઆરીએ કુછ ખટ્ટા હો જાયે ફિલ્મ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મથી ગુરુ રંધાવા બોલીવુડમાં ડેબ્યુ કરી રહ્યો છે. ફિલ્મ તેની સાથે અનુપમ ખેર, ઈલા અરુણ અને સઈ માંજરેકર પણ જોવા મળશે. **આર્ટિકલ ૩૭૦ :** જો તમને પોલિટીકલ ડ્રામા જોવાનો શોખ છે તો આર્ટિકલ ૩૭૦ ફિલ્મ તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. આ ફિલ્મની સ્ટોરી કાશ્મીર અને આર્ટિકલ ૩૭૦ આસપાસ ફરે છે. આ ફિલ્મ ૨૩ ફેબ્રુઆરીએ રિલીઝ થશે. **લવ સેક્સ ધોખા ૨:** ૧૬ ફેબ્રુઆરીએ લવ સેક્સ ઓર ધોકા ૨ ફિલ્મ રિલીઝ થવાની છે. આ ફિલ્મની વાર્તા મોર્ડન રિલેશનશિપ પર આધારિત છે. **મિર્ગ :** આ ઉપરાંત ફેબ્રુઆરી મહિનામાં સતીશ કૌશિકની ફિલ્મ મિર્ગ રિલીઝ થવાની છે. ૯ ફેબ્રુઆરીએ મિર્ગ ફિલ્મ રિલીઝ થશે. આ ફિલ્મ ચૂંટણી, ચૂંટણીનું વાતાવરણ અને ક્રાઈમ પર આધારિત છે. આ ફિલ્મમાં સતીશ કૌશિક ઉપરાત રાજ બબ્બર અને અનુપ સોની પણ મુખ્ય ભૂમિકામાં છે.

# "ગ્રીન ગ્રોથ"-ના થીમ ઉપર ગણપત યુનિવર્સિટીમાં યોજાઈ ગયો એક દિવસીય નેશનલ લેવલ સેમિનાર

### કેન્દ્ર સરકારની નેશનલ પ્રોડક્ટીવિટી કાઉન્સિલ અને આઈ.પી.એલ. સંસ્થાનો સહયોગ સાંપડયો



કેન્દ્ર સરકારના "વિકસિત ભારત" અભિયાનના એક ભાગરૂપે અને નવા ભારતના નિર્માણમાં વિવિધ વૃત્તિ અને પ્રવૃત્તિઓ દ્વારા કશુંક મૂલ્યવાન પ્રદાન કરવાની કોશિશ રૂપે તાજેતરમાં ગણપત યુનિવર્સિટીના આંગણે એક અર્થપૂર્ણ અવસર યોજાવામાં આવ્યો હતો.

આ અવસરનું નામ હતું - "નેશનલ કૉન્ક્લેવ ઑન સસ્ટેનિબિલિટી એન્ડ ગ્રીન ગ્રોથ ઈક્લુડિંગ રિસર્ચ કોલોકિવયમ." આ મૂલ્યવાન વિચાર-વિમર્શ માટેના રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં કેન્દ્ર સરકારની સંસ્થા નેશનલ પ્રોડક્ટીવિટી કાઉન્સિલ તેમજ ઈન્ડિયન પોટાશ લિમિટેડ સંસ્થાના એક એકમ આઈપીએલ સેન્ટર ફૉર રૂરલ આઉટરીચનો પણ સહયોગ સાંપડયો હતો.

ભારતીય પરંપરા મુજબ શુભકાર્યનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો જેમાં ગણપત યુનિવર્સિટીના દાતા અધિષ્ઠાતા અને પ્રમુખ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (દાદા), યુનિ.ના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા, એન.પી.સી.ના શ્રી રાહુલ કિરકિરે, ગુજરાતના "ગીર" ફાઉન્ડેશનના શ્રી આર.પી. ગેલોત સહીત અનેક મહાનુભાવો મેહમાન તરીકે ઉપસ્થિત હતા.

સમગ્ર કૉન્ક્લેવના મુખ્ય કૉ-ઑર્ડિનેટર પ્રો. ડૉ.શ્રી મૌરવી વસાવડાએ એમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે અમારા ગણપત દાદાના નેતૃત્વમાં ગણપત યુનિવર્સિટીએ કરેલા ટકાઉ વિકાસના સંકલ્પનો અમે હંમેશા આદર કરીને જ આગળ વધીએ છીએ.

ટકાઉ વિકાસના માર્ગમાં આવતા પડકારોને કેવી રીતે અતિક્રમી શકાય તે અંગેના વિચાર-વિમર્શ માટે ઉદ્યોગો, સરકાર અને શિક્ષણ સંસ્થાઓ મળે એ આ અવસરનો ઉદ્દેશ છે એવું પણ એમણે જણાવ્યું હતું. "ગ્રીન ગ્રોથ" ની સિધ્ધિ હાંસલ કરવાનો આ એક શ્રેષ્ઠ માર્ગ છે.

# દાહોદના ડાન્સ કલાકારને બેસ્ટ ડાન્સ ટીચરથી સન્માન કરાયાં



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

તારીખ ૩૦ જન્યુઆરીના રોજ દાહોદના ડાન્સ કલાકાર ઉમેશ મહાવરને થાંદલા મધ્યપ્રદેશની સ્કૂલ ન્યૂ હિમાલીયા એજ્યુકેશન એકેડેમીએ કર્યો બેસ્ટ ડાન્સ ટીચરના અવૉર્ડ થી સમ્માન, ગણતંત્ર દિવસના ઉપલક્ષમા દર વર્ષે થાંદલામા ઈન્ટર સ્કૂલ ડાન્સ કોમ્પિટિશન થાય છે જેનામાં ન્યૂ હિમાયલા એજ્યુકેશન એકેડેમી યુ-મી હાઉસ દાહોદના ટીચર ઉમેશ મહાવર થી ડાન્સ ની તાલીમ લઈને છેલ્લા ૭ વાર થી લગાતાર કોમ્પિટિશનમા વિજય હાસિલ કરે છે.

# ઝાલોદ તાલુકાના બાજરવાડા ગામે ડી.વાય. એસ.પી પટેલની અધ્યક્ષતામાં રાત્રી સભા યોજાઈ

### ટ્રાફિક અવેરનેસ, ગામડાના કુરિવાજો, સોશિયલ મીડિયા ફ્રોડ, મહિલાઓને લગતા કાયદા જેવા મુદ્દાઓ પર સમજ અપાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ નગરમાં ૩૧-૦૧-૨૦૨૪ બુધવારના રોજ બાજરવાડા મુકામે જાહેર જનતાને માર્ગદર્શન મળે તેવા જાહેર મુદ્દાઓને લઈ ડી.વાય.એસ.પી પટેલની અધ્યક્ષતામાં રાત્રી સભા યોજાઈ હતી. લોકોને જાગૃત કરવા તેમજ વિવિધ કાયદાની સમજ આપવાં માટે આ સભા યોજાઈ હતી.

રાત્રી સભામાં ટ્રાફિક અવેરનેસ વિશે સમજ અપાઈ જેમાં હેલ્મેટ ફરજિયાત પહેરે અને સ્પીડમાં વાહન ન ચલાવે તેમજ બે વ્યક્તિ થી વધુ વ્યક્તિ બાઈક પર સવાર ન રહે તેમજ ગાડીનો વીમો અને ગાડીની આર.સી બુક મોબાઈલમાં સાથે રાખવી જેવા મુદ્દા પર સમજ અપાઈ ત્યાર બાદ મોબાઈલ દ્વારા થતી છેતરપિંડી વિશે પણ સમજ અપાઈ જેમાં બેંક ખાતું ધરાવતા કોઈ વ્યક્તિએ કોઈ પણ વ્યક્તિને ઓ.ટી.પી ન આપવો, કોઈ પણ મોબાઈલ એસ.એમ.એસ સમજ્યા વિચાર્યા વગર ફોરવર્ડ ન કરવા તેમજ અજાણ્યા વ્યક્તિને પોતાનો ફોન નહીં આપવો જેવી સમજ અપાઈ. ગામડાઓમાં ચાલતા કુરિવાજો પર પણ વિશેષ ચર્ચા કરાઇ હતી. કુરિવાજો બંધ કરી પોતાની આવક વધારી કુટુંબને મદદરૂપ કેવી રીતે બનવું છેલ્લે મહિલાઓને કાયદાઓ વિશે સમજ આપવામાં આવી હતી. કયા કાયદાઓ થકી કેવી રીતે મહિલાઓ પર થતા અત્યાચાર નિવારી શકાય તે વિશે વિસ્તૃત સમજ અપાઈ હતી.

છેલ્લે ડી.વાય.એસ.પી પટેલ, પી.એસ. આઈ માળી, પી.એસ.આઈ સિસોદીયા દ્વારા ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય ત્યારે પોલીસનો સંપર્ક કરવા સલાહ આપવામાં આવી હતી તેમજ કાયદો કોઈ વ્યક્તિ હાથમાં ન લે તેવી માહિતી અપાઈ હતી. આમ બાજરવાડા મુકામે રાત્રી સભા દરમ્યાન જાગૃતિ હેઠળ અપાયેલ સૂચનો થી ઉપસ્થિત સહુ લોકોને માહિતગાર કરવામાં પોલિસ દ્વારા સુંદર પહેલ કરાઇ હતી.

# પોરબંદર કોસ્ટગાર્ડ હેડક્વાર્ટર ખાતે અરવલ્લી આર્ટ ઓડિટોરિયમનું રાજ્યપાલશ્રીના હસ્તે ઉદઘાટન

### સમુદ્રમાં ફસાયેલા નાગરિકોના જીવ બચાવીને ભારતીય તટ રક્ષકે રાષ્ટ્રની સેવા કરી છે, દેશને તેનું ગૌરવ છે : રાજ્યપાલશ્રી



। (માહિતી બ્યુરો) પોરબંદર, તા.૧ ।

કોસ્ટગાર્ડના પોરબંદર ડિસ્ટ્રિક્ટ હેડ ક્વાર્ટર-૧ ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગરિમામય સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોસ્ટ ગાર્ડના અરવલ્લી ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કર્યું હતું. ઓડિટોરિયમમાં યોજાયેલા સમારોહમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, કોસ્ટ ગાર્ડ રાત-દિવસ રાષ્ટ્રની સેવામાં સમર્પિત છે. દરિયાઈ સીમા ક્ષેત્રમાં એક પ્રખર પ્રહરી તરીકે ભારતીય કોસ્ટ ગાર્ડે વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી છે.

રાજ્યપાલશ્રીએ ભગવાન શ્રી રામે સમુદ્રમાં જવા માટે દાખવેલી વીરતાનું દ્રષ્ટાંત આપીને જણાવ્યું હતું કે, વીરતા અને શોર્યને લોકો યાદ રાખે છે. કોસ્ટ ગાર્ડનું કાર્ય પણ વીરતા અને શોર્યનું છે. કોસ્ટગાર્ડની વીરતાનું દેશને ગૌરવ છે. ભારતીય તટ રક્ષકે દેશમાં ઘુસાડવામાં આવી રહેલું રૂપિયા ૫૦૦ કરોડનું ડ્રગ્સ પકડ્યું છે. ભારતની યુવા પેઢીને નુકસાનકારક આ ડ્રગ્સ પકડીને કોસ્ટ ગાર્ડે રાષ્ટ્રની સેવા કરી છે. એ જ રીતે સમુદ્રમાં ફસાયેલા હર કોઈ નાગરિકને બચાવી સલામત રીતે બહાર લાવવાનું કાર્ય કોસ્ટ ગાર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. બીપોરજોય વાવાઝોડું અને અન્ય કુદરતી આફતો વખતે કોસ્ટ ગાર્ડનાજવાનોએ રાત-દિવસ સેવા કાર્ય કર્યું છે, તે અંગે રાજ્યપાલ શ્રી એ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ભારતીય તટ રક્ષકોએ દરિયાઈ સીમા પ્રહરી ઉપરાંત પ્રદૂષણ નિયંત્રણ અને સ્વચ્છતાની કામગીરી તથા સમુદ્રમાં સંકટમાં મુકાયેલા લોકોને બહાર લાવવાની મહત્વની કામગીરી કરી છે.

### ખેડા જિલ્લામાં પાલક માતા પિતા યોજનાનો ૬૬૫ બાળકો લાભ લઇ રહ્યા છે

# જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી જાન્યુઆરી-૨૦૨૪ દરમ્યાન ૯૨ બાળકોને પાલક માતા પિતા યોજનાનો લાભ આપવામાં આવ્યો



। (માહિતી) નડિયાદ, તા.૧ ।

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી જાન્યુઆરી-૨૦૨૪ દરમ્યાન પાલક માતા-પિતા યોજના અંતર્ગત આવેલ અરજીઓને મંજુર કરવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ખેડાના અધ્યક્ષ સ્થાને સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટીની કુલ-૧૦ બેઠક યોજવામાં આવેલ હતી.

આ બેઠકમાં સમાજ સુરક્ષા ખાતાની પાલક માતા-પિતા યોજના અંતર્ગત નવી આવેલ કુલ ૧૦૧ અરજીઓ મંજુરી / નામંજુરી અર્થે મુકવામાં આવેલ હતી. જે પૈકી ૯૨-અરજીઓ યોજનાના ધારા-ધોરણ મુજબ બંધ બેસતી હોય તેને કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ અને ૦૮-અરજીઓ યોજનાના ધારા-ધોરણમાં બંધ બેસતી ન હોય નામંજુર કરવામાં આવેલ. આ નિર્ણય ખેડા જિલ્લા "સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટીના" અધ્યક્ષ–વ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ખેડા, કમિટીના સભ્ય સચિવ-વ-જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી તથા કમિટી અન્ય સભ્યશ્રીઓ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદના સમગ્ર કર્મચારીઓની ઉપસ્થિતિમાં લેવામાં આવેલ હતો.

પાલક માતાપિતા યોજનાના માપદંડ મુજબ "(૧) જે બાળકના માતા-પિતા મૃત્યુ પામેલ હોય અથવા (૨) માતા અથવા પિતાના મૃત્યુ બાદ હયાત માતા અથવા પિતાએ બીજા લગ્ન કર્યા બાદ બાળકને તરછોડયુ હોય અને બાળકની માવજત અન્ય કોઈ સગા સંબંધી દ્વારા કરવામાં આવતી હોય તો આવા બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે." આ યોજના અંતર્ગત અભ્યાસ કરતાં બાળકો પૈકી બાળક ૧૮ વર્ષનું થાય ત્યા સુધી માસિક રૂા.૩૦૦૦/- ની સહાય આપવામાં આવે છે અને જો બાળક ૧૮ વર્ષ પહેલા ભણવાનું છોડે તો તેની સહાય બંધ કરવામાં આવેલ છે એટલે કે બાળકનો અભ્યાસ ચાલુ હોવો જરૂરી છે. પાલક માતા-પિતા યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં નવી મંજુર થયેલ અરજીઓની સાથે હાલની સથિતિએ કુલ ૬૬૫-લાભાર્થીઓ લાભ મેળવી રહેલ છે. પાલક માતા - પિતા યોજનાની સહાય મેળવવા માટે યોજનાકીય અરજી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઈ-સમાજ કલ્યાણની વેબસાઈટ https://esamajkalyan.gujarat.gov.in/ ઉપર જરૂરી તમામ સાધનિક કાગળો અપલોડ કરીને ઓનલાઈન કરવાની રહે છે. યોજનાની વધુ માહિતી અને લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

# પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, ગોધરા દ્વારા નિ:શુલ્ક તાલીમ અને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

### જિલ્લાની ૩૫ બહેનોને ૩૦ દિવસની સીવણકામની તાલીમ આપીને સર્ટિફિકેટ વિતરણ કરાયા



। (માહિતી બ્યુરો) ગોધરા, તા.૧ ।

મહિલાઓની આર્થિક આજીવિકામાં સુધારો થાય તે હેતુથી પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) ગોધરા દ્વારા વિવિધ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવે છે.

RSETI ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લાની ૩૫ બહેનોને ૩૦ દિવસની સીવણકામની તાલીમ આપીને ટ્રેનિંગના અંતિમ દિવસે ગોધરા ખાતે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે પંચમહાલ જિલ્લા LDMશ્રી સતેન્દ્ર રાવ, RSETI ડાયરેક્ટરશ્રી દેવીદાસ દેશમુખ અને DRDA વિભાગના કર્મચારીઓએ હાજર રહીને બહેનોને સ્વરોજગાર માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથે RSETI દ્વારા ૧૦ દિવસની ફાસ્ટ ફૂડ અને સ્ટોલ ઉદ્યમી તાલીમ માટે રજીસ્ટ્રેશન કરવાનો પ્રારંભ કરાયો છે આ અંગે વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૦૯૯૦ ૭૫૮૯૯ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) અંતર્ગત સમગ્ર ગુજરાતનાં ગ્રામીણ વિસ્તારનાં ગરીબ કુટુંબના ૧૮ થી ૪૫ વર્ષના યુવાન/યુવતીઓને સ્વરોજગારી અંગેની નિ:શુલ્ક તાલીમ આપવામાં આવે છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન અંતર્ગત અપાતા તાલીમ કોર્સનો સમયગાળો ૬ થી ૪૫ દિવસનો હોય છે, જેમાં ૬૧ પ્રકારના કોર્સની તાલીમ આપવામાં આવે છે.

# સરવડ પી.એચ.સી.ને વિવિધ સાધન સહાય અર્પણ કરી વતન પ્રેમ પ્રગટ કરતું મોરબી સ્થાયી સુરાણી પરિવાર

। (માહિતી બ્યુરો) મોરબી, તા.૧ ।

મોરબી જિલ્લા માળિયા તાલુકાના સરવડ ગામે સુરાણી પરિવાર દ્વારા લોકોના સારા આરોગ્ય અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આશરે એક લાખ સુધીની વિવિધ સાધન સહાય આપી આરોગ્ય માળખું વધારે સુવિધાયુક્ત બનાવવા એક આગવી પહેલ કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા ગામડાઓ સુધી શિક્ષણ, આરોગ્ય, રમતગમત, સલામતી, વાહનવ્યવહાર, પ્રવાસન તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ વધુ વિકસે તેમજ ગામડાઓના જિલ્લામાં અન્ય સ્થળે, જિલ્લા બહાર કે રાજ્ય બહાર અથવા તો વિદેશમાં સ્થાયી થયેલા લોકોને ગામડા પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન થાય તે માટે સરકારશ્રી દ્વારા વતન પ્રેમી યોજના શરૂ કરવામાં આવી છે. આ પહેલ થકી આ યોજના સિવાય પણ ઘણા લોકો ગામડાઓને વધુ સુવિધાસભર બનાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ગામડાઓને વિકસિત બનાવવાના આ યજ્ઞમાં એક આહુતિ મોરબી જિલ્લામાં સરવડ ગામના સુરાણી પરિવારે પણ આપી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અમરેલી ખાતે ૧૯મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક સંપન્ન

। (માહિતી) અમરેલી, તા.૧ ।



કૃષિવિજ્ઞાનકેન્દ્ર, જુનાગઢકૃષિયુનિવર્સિટી અમરેલી ખાતે તા. ૩૦/૦૧/૨૦૨૪ના રોજ ૧૯મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો ડૉ. નેહા તિવારી, શ્રી એન. એમ. કાછડિયા, શ્રી વી. એસ. પરમાર, ડૉ. અરુણ લક્કડ, પ્રો. પી. વી. મહેતા અને શ્રી એન. જે. હડિયા દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વર્ષ ૨૦૨૩માં થયેલી કામગીરી અને વર્ષ ૨૦૨૪માં કરવાની થતી વિવિધ કામગીરીનું પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું, અને આમંત્રિત મહાનુભાવો તેમજ ખેડૂતો દ્વારા સૂચનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમરેલી ખાતે કાર્યરત સંસ્થા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, અને જુનાગઢ કૃષિ યુનિવર્સીટી વચ્ચે વિસ્તરણ પ્રવત્તિઓ માટે મહત્વના એમ.ઓ.યુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંપાદિત ૧૪ ખેડૂત ઉપયોગી ફોલ્ડર્સનું વિમોચન કરવામાં આવ્યું હતું, આ બેઠકમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એન બી. જાદવ,ડૉ. ડી.વી.તારપરા, સહ સંસોધન નિયામકશ્રી,સહવિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીશ્રી ડૉ. એચ. સી. છોડવડીયા, ડૉ. ડી.વી. તારપરા, સુકી ખેતી સંશોધન કેન્દ્ર તરઘડીયાથી સહ સંશોધન નિયામક શ્રી ડૉ. ડી. એસ. હિરપરા, અમરેલી કૃષિ સંશોધન કેન્દ્રથી ડૉ. વી. એન. ગોહિલ, મોટા ભંડારિયા કૃષિ મહાવિદ્યાલય આચાર્યશ્રી ડૉ. એ. એસ. દુધાત, નાયબ પશુપાલન નિયામક ડૉ. એમ. બી. કુનડીયા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. પી. જે. પ્રજાપતિ તથા કેવીકે, અમરેલીનો તમામ સ્ટાફ હાજર રહ્યાં હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ? સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો. તમારી ભાવિ પેઢી તમને હંમેશાં આ ભેટ માટે યાદ રાખશે.

## સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવા તૈયારી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે વચગાળાનું બજેટ રજૂ કરી દીધું છે. લગભગ એક જ કલાકના ભાષણમાં તેમણે આ વખતે લોકોને આકર્ષિત કરે તેવી લોભામણી જાહેરાતો કરવાથી કિનારો કરી લીધો હોય તેવું દેખાયું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારનું છઠ્ઠું બજેટ રજૂ કર્યું હતું. ચૂંટણી પૂર્વેના બજેટને વચગાળાનું બજેટ કહેવાય છે. બજેટ ભાષણ પૂરું થયા બાદ હવે ગૃહની કાર્યવાહીને આવતીકાલ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. નાણામંત્રીએ આ બજેટમાં ટ્રાન્સપોર્ટ અને રેલવે માટે મોટી જાહેરાતો કરી છે. સરકાર સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવાની તૈયારી કરી રહી છે. આ ઉપરાંત મેટ્રો અને નમો રેલને અન્ય શહેરોમાં પણ શરુ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી સંસદમાં પ્રથમ વખત અને કુલ છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, "યાત્રીઓની સલામતી, સુવિધા અને આરામ માટે ૪૦,૦૦૦ સામાન્ય રેલવે કોચને વંદેભારત ટ્રેનના કોચની જેમ અપગ્રેડ કરવામાં આવશે. આ સાથે નાણામંત્રીએ ઊર્જા, ખનીજ અને સિમેન્ટ માટે ત્રણ નવા રેલ કોરિડોર બનાવવાની પણ જાહેરાત કરી છે.

### DMની હાજરીમાં પૂજા-અર્ચના કરવામાં આવી

# ૩૧ વર્ષ બાદ મોડી રાત્રે ખૂલ્યું જ્ઞાનવાપી પરિસરનું વ્યાસ ભોંયરું

### વારાણસીની જિલ્લા અદાલતે હિન્દુ પક્ષને જ્ઞાનવાપી મસ્જિદ સ્થિત વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો હતો

**। (એજન્સી) વારાણસી, તા.૧ ।**

વારાણસીના જ્ઞાનવાપી સંકુલમાં બનેલા વ્યાસજીના ભોંયરામાં કમિશનરે મોડી રાત્રે પૂજા કરી હતી. ૩૧ વર્ષ પછી અહીં પૂજા થઈ. કોર્ટનો આદેશ ગઈકાલે જ આવ્યો હતો. કોર્ટના નિર્ણયના થોડા કલાકોમાં જ તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિશ્વનાથ મંદિરના મુખ્ય પૂજારી ઓમ પ્રકાશ મિશ્રા અને અયોધ્યામાં રામ લલ્લાના અભિષેક માટે શુભ સમય નક્કી કરનારા ગણેશ્વર દ્રવિડે પૂજાનું સંચાલન કર્યું હતું. ડિવિઝનલ કમિશનર કૌશલ રાજ શર્મા પણ કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના પદાધિકારી પ્રમુખ છે, તેથી પૂજા દરમિયાન બેઠા હતા.

બુધવારે વારાણસીની જિલ્લા અદાલતે હિન્દુ પક્ષને જ્ઞાનવાપી મસ્જિદ સ્થિત વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો હતો. જે પછી, કોર્ટના આદેશનું પાલન કરવા માટે, જિલ્લા વહીવટીતંત્ર મધ્યરાત્રિએ જ્ઞાનવાપી સંકુલમાં પહોંચ્યું, જ્યાં તેઓએ બેરિકેડ્સને હટાવીને પૂજા શરૂ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મોડીરાત બાદ વહીવટી સ્ટાફ જ્ઞાનવાપી પરિસર તરફ પહોંચવા લાગ્યો હતો. સમગ્ર વિસ્તારમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. તે પછી, થોડા કલાકોમાં પૂજા વિધિ મુજબ પૂર્ણ થઈ જે દરમિયાન ત્યાં હાજર હિન્દુ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ કહ્યું કે ૩૧ વર્ષ પછી ન્યાય મળ્યો છે. બનારસમાં હજુ ઊંઘમાં હતું, પરંતુ મોડી રાતથી જ જ્ઞાનવાપીની બહાર ભારે ધમાલ હતી. રાત્રીના બે વાગ્યા હતા ત્યારે પણ હૂટર વગાડતા વાહનોની અવરજવર ચાલુ હતી. તે જ સમયે, જ્ઞાનવાપીમાં વ્યાસજીના ભોંયરામાંથી આરતીના મધુર નાદ આવવા લાગ્યા, બેલ વાગવા લાગ્યા હતા. લગભગ ૩૧ વર્ષ પછી અહીં આવું બન્યું હતું. તે જ સમયે, સેંકડો ભક્તો પણ જ્ઞાનવાપીની બહાર હાજર હતા. ઘૂંઘટ અને આરતીનો અવાજ બહાર પહોંચતાં જ બધાં જ્યાં હતા ત્યાં તાળીઓ પાડવા લાગ્યાં હતા. સાથે જ સમગ્ર કેમ્પસ હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યું હતું. આરતી પછી બહાર આવેલા બનારસ ડિવિઝનલ કમિશનર કૌશલ રાજ શર્માએ કહ્યું કે કોર્ટના આદેશનું પાલન કરવામાં આવ્યું છે. જ્ઞાનવાપી કેસમાં હિંદુ પક્ષ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિષ્ણુ શંકર જૈને કહ્યું કે કોર્ટના આદેશ મુજબ કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના પૂજારીએ વ્યાસજીના ભોંયરામાં મૂર્તિઓ મૂકી, શયન આરતી કરી અને પછી ત્યાં અખંડ જ્યોતિ પ્રગટાવી. તેમણે કહ્યું કે હવે અહીં દરરોજ તમામ દેવતાઓની આરતી થશે. આ આરતી એક વાર નહીં પણ સવારે મંગળા આરતી પછી ભોગ આરતી અને સાંજે સંધ્યા આરતી અને પછી સૂર્યાસ્ત પછી શયન આરતી કરવામાં આવશે. તેમણે કહ્યું કે કોર્ટનો નિર્ણય અભૂતપૂર્વ છે અને તમામ પક્ષોએ તેનું સન્માન કરવું જોઈએ.

### વિદેશ મંત્રી જયશંકરનું નિવેદન

# કેનેડાએ રાજનીતિમાં ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓને સ્થાન આપી રહ્યું છે

### હું માનું છું કે આ તેમની રાજનીતિની નબળાઈ છે. જેના કારણે ત્યાં ઘણી સમસ્યાઓ ઉભી થઇ છે : વિદેશ મંત્રી



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક સમયથી સારા નથી. ખાલિસ્તાનને લઈને કેનેડામાં વધી રહેલા વિરોધને લઈને ભારત તરફથી ઘણી વખત ચિંતા અને ઠપકો વ્યક્ત કરવામાં આવ્યો છે. ફરી એકવાર ભારતે કેનેડાને ફટકાર લગાવી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે કેનેડા કેટલાક વર્ષોથી તેની રાજનીતિમાં આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને સ્થાન આપી રહ્યું છે.

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ગયા વર્ષે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને ભારત સાથે જોડી હતી, જેને ભારતે ફગાવી દીધી હતી. હવે આ મામલે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું છે કે કેનેડાએ માહિતી શેર કરવાની ભારતની વિનંતીને અવગણી છે. જયશંકરે ભારત પ્રત્યે કેનેડાના તાજેતરના વર્તનને ત્યાંના રાજકારણમાં ઉગ્રવાદીઓની સંડોવણી માટે જવાબદાર ગણાવ્યું હતું. એક અહેવાલ અનુસાર વિદેશ મંત્રી જયશંકરે કહ્યું, ‘‘છેલ્લા કેટલાક વર્ષોથી, કેનેડા તેની રાજનીતિમાં ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓને સ્થાન આપી રહ્યું છે. હું માનું છું કે આ તેમની રાજનીતિની નબળાઈ છે. જેના કારણે ત્યાં અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. આવું ન થવું જોઈતું હતું.’’ તેમણે વધુમાં કહ્યું કે તેમના વડા પ્રધાને જાહેરમાં અમારા પર આક્ષેપો કર્યા છે. તે પહેલાં બંને દેશોના વડા પ્રધાનો મળ્યા હતા, જ્યાં હું પણ હાજર હતો. અમે કહ્યું હતું કે જો તમને કોઈ સમસ્યા હોય તો. તમારું મન, જો તમને ચિંતા કરતી હોય તો અમને કહો. જો તમારે બધું કહેવું ન હોય, તો ઓછામાં ઓછી થોડી વાતો તો જણાવો, જેથી અમે અમારી તપાસ કરી શકીએ. એસ જયશંકરે કહ્યું કે કેનેડાનાઁસ્એ આ અંગે અમારી સાથે કંઈપણ શેર કર્યું ન હતું અને પછી જાહેરમાં આક્ષેપો કર્યા હતા. બીજી તરફ અમેરિકાને જુઓ. US એ અમને જાણ કરી કે તેમની પાસે ગુનેગારો વિશે કેટલીક માહિતી છે.

## સેન્સેક્સમાં ૧૦૭, નિફ્ટીમાં ૨૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

**। (એજન્સી) મુંબઈ, તા.૧ ।**

શેરબજારના કામકાજમાં ગુરુવારે નબળાઈ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી નબળાઈ પર બંધ થયા હતા. ગુરુવારે નાણા પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ રજૂ કર્યું અને બજેટમાં પાંચ બાબતો પર ભાર મૂક્યો જેમ કે કેપેક્સ બૂસ્ટ, ઈલેક્ટ્રિક વ્હીકલ પુશ, રેલ્વે પર ફોકસ, લખપતિ દીદી યોજના અને સોલર એમ્બિશન. જોકે, શેરબજારને નિર્મલા સીતારમણનું ફ્લેટ વચગાળાનું બજેટ ૨૦૨૪ ગમ્યું ન હતું અને બિઝનેસના અંતે બીએસઈસેન્સેક્સે ૧૦૭ પોઈન્ટની નબળાઈ નોંધાવી હતી અને ૭૧૬૪૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટીને ૨૧૬૯૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. ગુરુવારના ટ્રેડિંગમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે નિફ્ટી બેંક ઈન્ડેક્સ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો. શેરબજારમાં ટોપ ગેઈનર્સમાં મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ, સિપ્લા અને એસબીઆઇ લાઇફના શેરનો સમાવેશ થાય છે.

### ફીમાં તગડો વધારો કરવામાં આવ્યો

# અમેરિકાના H-1B વિઝા માટે નવું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી શરૂ

### એચવનબી વિઝા રજિસ્ટ્રેશન માટે એક બેનિફિસિયરી કેન્દ્રિત સિલેક્શન પ્રોસેસ રાખવામાં આવશે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।**

નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે અમેરિકાએ H-1B વિઝાની પ્રોસેસમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ વિઝા માટે કેટલીક કંપનીઓ ફ્રોડ કરતી હોવાનું અમેરિકન સરકારના ધ્યાનમાં આવ્યું છે. તેના કારણે નિયમોમાં સુધારા કરવાની ફરજ પડી છે. વર્ષ ૨૦૨૫ માટે H-1B વિઝાનું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી શરૂ કરવામાં આવશે. આ વિઝા દ્વારા અમેરિકન કંપનીઓ સ્પેશિયલ લાયકાત ધરાવતા લોકોને વિદેશથી અમેરિકા બોલાવતી હોય છે. ખાસ કરીને ટેકનોલોજી સેક્ટરમાં H-1B વિઝાધારકો વગર અમેરિકાનું કામ ચાલે તેમ નથી. અધિકારીઓએ જણાવ્યું કે ૨૦૨૫ માટે H-1B વિઝાનું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી ૨૨ માર્ચ ૨૦૨૪ સુધી ચાલશે. જે કંપનીઓ વિઝા માટે પિટિશન કરવા માગતી હોય તેમણu USCISના ઓનલાઈન એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત બાઈડેન વહીવટીતંત્રે



H-1B વિઝાની ફીમાં જે રીતે વધારો કર્યો છે તેનાથી ઈમિગ્રેશન લોયર્સ એસોસિયેશન નાખુશ છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસે H-1B visa પ્રોગ્રામ માટે બે નવા ફાઈનલ રૂલ બનાવ્યા છે. તેના આધારે અમેરિકન કંપનીઓ વિદેશી વર્કરને ભરતી કરી શકશે, પરંતુ તેની ફી વધારે રહેશે. એક નિયમ પ્રમાણે વિઝા ફીમાં મોટો વધારો થયો છે. ૨૦૧૬ પછી પહેલી વખત વિઝા ફી ૧૦ ડોલરથી વધારીને ૧૧૦ ડોલર કરવામાં આવી છે. H-1B visa માટેની રજિસ્ટ્રેશન ફી ૧૦ ડોલરથી વધીને ૨૧૫ ડોલર રહેશે.

### ભારત કરપ્શન ઈન્ડેક્સમાં ૯૩મા નંબરે

# કરપ્શન સામેની લડાઈમાં ભારતને ધારી સફળતા હજુ પણ મળી નથી

### ભારતમાં નોટબંધી કે ટેકનોલોજીના ઉપયોગ છતાં કરપ્શનને અંકુશમાં રાખવામાં જોઈએ તેવી સફળતા નથી મળી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

ભારતમાં ટેક્નોલોજીની મદદથી અને નોટબંધીથી ભ્રષ્ટાચાર ઘટશે તેવી માન્યતા હતી પરંતુ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના રિપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ભારતમાં ભ્રષ્ટાચારમાં કોઈ મોટો ફેરફાર નથી થયો. વિશ્વના ૧૮૦ દેશોમાં કરપ્શનના આધારે એક રેન્કિંગ આપવામાં આવ્યું છે જેમાં ભારત ૯૩મા સ્થાન પર છે. વર્ષ ૨૦૨૩માં ભારતને ૩૯નો સ્કોર મળ્યો હતો અને ૯૩મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેનાથી એક વર્ષ અગાઉ ૨૦૨૨માં ભારતનો સ્કોર ૪૦ હતો અને તેનું રેંક ૮૫ હતું.

આ ગણતરીમાં સ્કોર જેટલો ઓછો તેટલો દેશ વધારે પારદર્શક. અને સ્કોર જેમ વધારે તેમ કરપ્શન પણ વધારે. ભારત એ બાબતમાંથી કદાચ દિલાસો લઈ શકે કે સાઉથ એશિયામાં ભારતના પડોશી દેશો ભારત કરતા પણ વધુ ભ્રષ્ટ છે. ઉદાહરણ તરીકે પાકિસ્તાનને ૧૩૩મો ક્રમ મળ્યો છે જ્યારે આ લિસ્ટમાં શ્રીલંકા ૧૧૫મા ક્રમ પર છે. પરંતુ આ બે દેશો જંગી દેવાના બોજ હેઠળ દબાયેલા છે. ભારતનો પડોશી દેશ ચીન આ લિસ્ટમાં ૭૬મા ક્રમે છે જે ભારત કરતા ૧૪ ક્રમ આગળ છે. છેલ્લા એક દાયકામાં ચીને ભ્રષ્ટ અધિકારીઓ સામે સખત કાર્યવાહી કરી છે અને ૩૭ લાખ ઓફિસરોને પકડીને આકરી સજા કરી છે.

સૌથી ઓછા ભ્રષ્ટ અથવા પ્રામાણિક દેશોની વાત કરવામાં આવે તો તેમાં ડેનમાર્ક નંબર વન છે અને તેને ૯૦ ગુણ મળ્યા છે. બીજા નંબર પર ફિનલેન્ડને ૮૭ પોઈન્ટ મળ્યા છે. ન્યૂઝિલેન્ડ ૮૫ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે અને નોર્વે ૮૪ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે. ત્યાર પછી સિંગાપોર, સ્વીડન અને સ્વિટ્ઝર્લેન્ડનો વારો આવે છે. સૌથી ભ્રષ્ટ દેશોની વાત કરવામાં આવે તો તેમાં સોમાલિયાનું નામ લેવાય છે જેને ૧૧ પોઈન્ટ મળ્યા છે. ત્યાર પછી વેનેઝુએલા, સિરિયા, સાઉથ સુદાન, યેમેન, નિકારાગુઆ અને નોર્થ કોરિયામાં ભારે ભ્રષ્ટાચાર છે. દુનિયાના સૌથી ઓછા ભ્રષ્ટ અથવા પારદર્શક દેશો જોવામાં આવે તો તેમાંથી મોટા ભાગના યુરોપના છે. સરકારી વ્યવસ્થા અને પારદર્શિતાની બાબતમાં નોર્થ કોરિયા, મ્યાનમાર, અફઘાનિસ્તાનની હાલત સૌથી ખરાબ છે અને આ દેશોમાં અત્યાર સુધીની સૌથી ગંભીર માનવીય કટોકટીની સ્થિતિ છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં તંત્ર ભ્રષ્ટ છે, પરંતુ સુપ્રીમ કોર્ટે લોકોના અધિકાર વધારવા માટે કેટલાક પગલાં લીધા છે. પાકિસ્તાનમાં નાગરિકોને રાઈટ ટુ ઈન્ફોર્મેશન હેઠળ વધુ તાકાત મળી છે. બાંગ્લાદેશ પણ સૌથી ઓછા વિકસીદ દેશોના સ્ટેટસમાંથી બહાર આવ્યું છે. બાંગ્લાદેશને પોતાની ગરીબી ઘટાડવામાં સફળતા મળી છે અને લોકોનું જીવનધોરણ સુધરી રહ્યું છે.

## વિશેષ

### ભારતની ‘રામસર સાઇટ’ નળ સરોવર ગુજરાતનું ‘પક્ષીતીર્થ’ । નળ સરોવરમાં ૧૪૨ પ્રજાતિઓના પક્ષીઓ - ૭૦થી વધુ પ્રજાતિઓ વિદેશની

# નળ સરોવરમાં છેલ્લાં ત્રણ વર્ષમાં અંદાજિત ૧ લાખ ૩૦ હજારથી વધુ પર્યટકોએ મુલાકાત લીધી





**।ગોપાલ મહેતા - પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ।**

ગુજરાતનું પક્ષીતીર્થ નળસરોવર સહેલાણીઓ ઉપરાંત દેશ વિદેશમાં વિખ્યાત છે. ‘અમદાવાદથી આશરે ૬૨ કિ.મી જ્યારે સાણંદથી ૪૨ કિ.મી દૂર આવેલું નળસરોવર સૌથી મોટું જળપક્ષી અભયારણ્ય અને છીછરા પાણીના સૌથી મોટા સરોવર પૈકીનું એક છે. ગુજરાત વન્યપ્રાણી અને વન્યપક્ષી રક્ષણ અધિનિયમ-૧૯૬૩ની જોગવાઈઓ અંતર્ગત ૮ એપ્રિલ ૧૯૬૯ના રોજ નળસરોવરના ૧૧૫ ચો.કિ.મી વિસ્તારને પક્ષી અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ પાછળથી વધારાના ૫.૮૨ ચો.કિ.મી વિસ્તારને ૨૮ ડિસેમ્બર ૧૯૮૨થી વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓ અંતર્ગત પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવ્યુ. આમ, નળસરોવર ૧૨૦.૮૨ ચો કિ.મી જેટલા વિશાળ વિસ્તારમાં અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લા વચ્ચે પથરાયેલા એક મીઠા પાણીનું કુદરતી સરોવર તરીકે પથરાયેલો એક મોટો જળ ભંડાર છે. આ સરોવરની લંબાઈ ૩૨ કિ.મી તથા પહોળાઈ ૬.૪ કિ.મી છે. શિયાળાની શરૂઆત સાથે જ વિદેશી પક્ષીઓનું અહીં આગમન શરૂ થઈ જાય છે. તેમજ નળસરોવર પક્ષી અભયારણ્યને "રામસર સાઈટ" તરીકેની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થયેલી છે. વળી મોટી સંખ્યામાં નળસરોવરમાં દૂર-દૂરના દેશોમાંથી સારી એવી સંખ્યામાં વિદેશી પક્ષીઓ દર વર્ષે ચોમાસા બાદ શિયાળાની ઋતુમાં આવે છે.

**નળસરોવર વેટલેન્ડ પક્ષી પ્રેમીઓના સ્વર્ગ સમાન**

અત્યાર સુધીમાં જળાશયમાં ૧૪૨ પ્રજાતિઓના પક્ષીઓ નોંધાયેલા છે, જે પૈકી ૭૦થી વધુ પ્રજાતિઓ વિદેશમાંથી આવે છે. જેમાં યુરેશિયા, સાઈબીરીયા, રશિયા, ચીન, અને ઉત્તરધ્રૂવ તરફના દેશઓમાંથી વિવિધ યાયાવર પક્ષીઓ અહી (નળસરોવર) આવ્યા હોવાનું નોંધાયેલું છે. નળસરોવર ખાતે આ પક્ષીઓને ખોરાક અને રહેઠાણ માટેની સુવિધાઓ મળી રહેવાના કારણે આ વેટલેન્ડ પક્ષી પ્રેમીઓનાં સ્વર્ગ સમાન બની ગયું છે.

### વર્ષ ૨૦૨૨ની પક્ષી ગણતરીમાં ૧૪૨ પ્રજાતિના કુલ ૨,૫૪,૧૨૮ પક્ષીઓની સંખ્યા નોંધાઇ



નળસરોવર અભયારણ્યની પક્ષી ગણતરી - ૨૦૨૨માં અભયારણ્યને કુલ - ૪૦ ઝોનમાં વિભાજીત કરી ૧૦૪ પક્ષીવિદોની મદદથી પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૪૨ પ્રજાતિના કુલ ૨,૫૪,૧૨૮ પક્ષીઓની સંખ્યા નોંધાયેલી છે. જ્યારે નળસરોવર ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૬૧,૨૬૮ પ્રવાસીઓએ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૯,૪૦૩ પ્રવાસીઓએ તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૪૦,૩૫૪ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.



વહેલી સવારે કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી હેરીટેજ વોક નિકળી હતી.

## ન્યૂઝ બ્રિફ

### મોરબીમાં ગેસ ગીઝર ફાટતા થયો બ્લાસ્ટ, 3 લોકોને ઈજા

। (એજન્સી) મોરબી, તા.૧ ।

બ્લાસ્ટ થતાં આસપાસના કુલ ૩ મકાનોમાં નુકસાન થયાની માહિતી મળી છે. રહેણાંક મકાનમાં બ્લાસ્ટ થતાં ૩ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં ઈજાગ્રસ્તોને પ્રથમ મોરબી અને ત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. મોરબીમાં રહેણાંક મકાનમાં બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે. દલવાડી સર્કલ નજીક આવેલ ઉમા-૨ રેસિડેન્સીના રહેણાંક મકાનમાં બ્લાસ્ટ થયો હતો. મકાનમાં બ્લાસ્ટ થતા ત્રણ લોકોને ઈજા પહોંચી હોવાની માહિતી મળી છે. મકાનમાં રહેલ ગેસ ગીઝર ફાટતા બ્લાસ્ટ થયો હતો.

### ભુજ નગરપાલિકાની ભરતી પરીક્ષા અચાનક રદ કરાઇ

। (એજન્સી) ભુજ, તા.૧ ।

કચ્છ જિલ્લાની ભુજ નગરપાલિકા વિવાદમાં આવી છે. એક તો બે વર્ષ બાદ ભરતી પરીક્ષા યોજાવાની હતી. જેને અચાનક રદ કરી દેવાતા ઉમેદવારો રોષે ભરાયા છે. વર્ષ ૨૦૨૨માં ભુજ નગરપાલિકાએ આસિસ્ટન્ટ ઈજનેર સહિત અલગ-અલગ નવ જગ્યા માટે કાયમી ભરતી બહાર પાડી હતી. આ માટે ૬૦૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આગામી ચાર ફેબ્રુઆરીએ પરીક્ષાનું આયોજન કરાયું હતું અને કોલ લેટર પણ જાહેર કરી દેવાયા હતા. પરંતુ ૩૦ જાન્યુઆરીએ મળેલી સામાન્ય સભામાં અચાનક પરીક્ષા રદ કરવાનો ઠરાવ કરાતા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

### શાળાઓમાં તોડ કરનાર મહેન્દ્ર પટેલ વિરુદ્ધ વધુ બે ફરિયાદ નોંધવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

સુરત સહિત અલગ અલગ જિલ્લાની શાળાઓમાં તોડ કરનાર મહેન્દ્ર પટેલ વિરુદ્ધ વધુ બે ફરિયાદ નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મહેન્દ્ર પટેલ દ્વારા સ્કૂલને લગતા અલગ અલગ મુદ્દાઓ પર આર.ટી.આઈ કરી જેના આધારે સ્કૂલ બંધ કરાવી દેવાની ધમકીઓ આપી રૂપિયા પડાવતો હોવાની ફરિયાદો સામે આવી હતી. ક્રૈંઢ ક્રાઈમ દ્વારા પહેલો ગુનો નોંધાયા બાદ અન્ય પણ ભોગ બનનારા સ્કૂલ સંચાલકો સામે આવ્યા હતા અને ચાર જેટલી ફરિયાદો આજ દિવસ સુધી નોંધાય છે.

### સૌરાષ્ટ્ર જતા લોકો માટે મોટા સમાચાર

# અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધી વોલ્વો બસની સુવિધા શરૂ કરવામાં આવી

## આ બસ સુવિધાનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે, મુસાફરો ૫૫૩ રૂપિયા ભાડુ ચૂકવીને અમદાવાદ એરપોર્ટથી નીકળીને સીધા રાજકોટ પહોંચી શકશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ એરપોર્ટથી ફ્લાઈટ કનેક્ટિવિટી વધુ હોવાથી સૌરાષ્ટ્રના લોકોને અહી સુધી આવવું પડે છે. ત્યારે અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધી જોડતી બસ સેવાનો પ્રારંભ કરાયો છે. હવે મુસાફરોને રાજકોટથી અમદાવાદ એરપોર્ટ સુધી ખાનગી બસોમાં વધુ રૂપિયા ચૂકવવા નહિ પડે, અમદાવાદ ગુજરાતમાં એરપોર્ટથી રાજકોટ સુધીની બસ ટ્રાન્સપોર્ટશનની કનેક્ટિવિટી શરૂ કરાઈ છે. અમદાવાદ એરપોર્ટને GSRTC સાથે જોડવાનો પ્રથમ પ્રયાસ કરાયો છે. અમદાવાદ એરપોર્ટથી હવે રાજકોટ સુધીની વોલ્વો બસની કનેક્ટિવિટી મળી શકશે. GSRTC દ્વારા અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધીની મુસાફરી માટે વોલ્વો બસ સુવિધા શરૂ કરાઈ છે. આ બસ સુવિધાનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે. મુસાફરો ૫૫૩ રૂપિયા ભાડુ ચૂકવીને અમદાવાદ એરપોર્ટથી નીકળીને સીધા રાજકોટ પહોંચી શકશે.

જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવ્યું કે, સરકાર દ્વારા નિગમને મહત્તમ આર્થિક સહાય કરી સ્વનિર્ભર બનાવવા પ્રયત્નો કરાયો છે, જેના ભાગરૂપે નિગમ દ્વારા ભારતમાં પ્રથમ વખત એરપોર્ટ જેવા બસ પોર્ટ આપવામાં આવ્યું છે. નજીકના ભવિષ્યમાં વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. તેજ રીતે સૌરાષ્ટ્રથી આંતરરાષ્ટ્રીય તથા આંતરરાજ્ય મુસાફરી માટે અમદાવાદ એરપોર્ટ તરફ આવનાર મુસાફરોને વધુ સુવિધા સભર બસ કનેક્ટિવિટી મળી રહે તે હેતુસર તારીખ ૫ ફેબ્રુઆરીના રોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટથી રાજકોટ જવા-આવવા માટે વોલ્વો એ.સી.સીટર બસનો શુભારંભ કરાયો છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટથી રાજકોટ જવા સવારે ૬.૦૦ કલાકે, રાજકોટથી અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ આવવા સાંજે ૧૭.૦૦ કલાકે, અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ખાસ પોટા કેબીન દ્વારા બસ સ્ટેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યાંથી બસનું એરાઈવલ તથા ડિપાર્ચર થશે.

### ૨ ફેબ્રુઆરીએ ગુજરાતનું બજેટ

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ બીજી વખત બજેટ રજૂ કરશે

## રામ મંદીરનો અભિનંદન પ્રસ્તાવ ૫ ફેબ્રુઆરીના રોજ લવાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

આવતીકાલથી ૧૫ મી વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થવાનું છે. બજેટ પહેલા રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે નિવેદન આપ્યું હતું કે, ગુજરાતને આગળ લઈ જતું બજેટ રજૂ થશે. આ બાબતે સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતને આગળ લઈ જતું બજેટ રજૂ થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સંબોધન કરશે. બજેટ સત્રમાં ગુજરાત ભાવી બાબતે બજેટ રજૂ થશે. ઈં મા નાનુ-મોટુ થતું હોય તો તે બહાર લાવવાનો પ્રસાય છે. તેમજ ખોટી રીતે હાટડીઓ ચાલતી હોય તો તે બંધ થવી જોઈએ. ગુજરાતના નાણા પ્રધાન કનુ દેસાઈ બીજી વખત તા. ૨ ફેબ્રુઆરીએ ૨૦૨૪-૨૫ ના વર્ષનું વાર્ષિક બજેટ રજૂ કરશે. ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભાનાં બજેટ સત્રના બીજા દિવસે બજેટ રજૂ કરવામાં આવશે. તેમજ ૧ ફેબ્રુઆરીથી લઈ ૨૯ ફેબ્રુઆરી સુધી બજેટ સત્ર ચાલુ રહેશે. એક મહિના સુધી ચાલનાર બજેટ સત્ર દરમ્યાન ૨૬ બેઠકો યોજાશે. અયોધ્યામાં નિર્માણ થયેલ રામ મંદિર ખાતે દૂર દૂરથી લોકો દર્શન કરવા માટે જઈ રહ્યા છે. ત્યારે બજેટ સત્રમાં રામ મંદિર માટે એક અભિનંદન પ્રસ્તાવ લાવવાના છીએ. ૫ તારીખે સલાહકાર સમિતિમાં પ્રસ્તાવ રજૂ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

### માહિતી નિયામક તરીકે પદભાર સંભાળતા શ્રી કે. એલ. બચાણી

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

શ્રી કે. એલ. બચાણીએ આજે ગાંધીનગર ખાતે માહિતી નિયામક તરીકે પદભાર સંભાળ્યો હતો. શ્રી બચાણી ૨૦૧૦ની બેચના આઈ.એ.એસ. ઓફિસર છે. આ પહેલા તેઓ જિલ્લા કલેકટર, ખેડા તરીકે કાર્યરત હતા.



### કચ્છમાં ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સર્ચ ઓપરેશ હાથ ધરવામાં આવ્યું

। (એજન્સી) કચ્છ, તા.૧ ।

કચ્છમાં ઈક્રમટેક્ષ વિભાગ દ્વારા સર્ચ ઓપરેશ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ગાંધીધામના બે મોટા ઉદ્યોગપતિ બાબુભાઈ હુંબલ અને દિનેશ ગુપ્તાની ઓફીસ સહિત રહેણાંક સ્થલો પર આઈટી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેમજ ગાંધીધામનાં ટ્રાન્સપોર્ટરોને ત્યાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. શ્રી રામ સોલ્ટ અને કિરણ રોડ લાઈન્સમાં પણ આઈટી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કચ્છમાં આઈટી દ્વારા ૨૫ થી વધુ જગ્યાઓ પર ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૨૦ થી વધુની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરતા કચ્છનાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ત્યારે દિનેશ ગુપ્તા, મહેશ ગુપ્તા તેમજ સુરેશ ગુપ્તાને ત્યાં આઈટી દ્વારા હાથ ધરવામાં આવેલ સર્ચ ઓપરેશનમાં અનેક બેનામી વ્યવહારો મળવાની શક્યતાઓ છે.









### વનરક્ષક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ થવાની શરૂઆત થઇ

। એજન્સી) અમદાવાદ, તા.૧ ।

વનરક્ષકની ભરતી પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. અત્રે જણાવીએ કે, આ ભરતી પરીક્ષા માટે કોલલેટર ડાઉનલોડ થવાનું શરૂ થઈ ગયું છે. આજથી વનરક્ષક પરીક્ષા ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે.પરીક્ષાના સમય સુધી ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે. https://ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

વનરક્ષકના પરીક્ષાર્થીઓ ojas.gujarat.gov.inની વેબસાઈટ પર જઈને પોતાની જન્મ તારીખ તેમજ કેન્ફર્મશન નંબર નાંખવાના રહેશે. જે બાદ ઉમેદવારો પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે

ગુજરાત સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી હતી. જે જગ્યાઓમાં પણ વધારો કરાયો હતો.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨